dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 258 | AD - 2026, Jeth Sud -10 | Wednesday, Dt. 24-06-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### અગાઉની સરકારોએ નક્સલ પ્રભાવિત વિસ્તારોને માત્ર પછાત ક્ષેત્ર ગણીને પોતાના નસીબ પર છોડી દીધા

# દેશમાં ચાલી રહેલી નક્સલવાદી હિંસા મુદ્દે પીએમ મોદીના કોંગ્રેસ પર પ્રહારો

**વર્તમાન સરકાર 'રાષ્ટ્ર પ્રથમ'ના અભિગમ સાથે આગળ વધી રહી છે**

નવી દિલ્હી,તા.૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાં દાયકાઓથી ચાલી રહેલી નક્સલવાદી હિંસાના મુદ્દે કોંગ્રેસ પક્ષ પર આકરા પ્રહારો કર્યા છે. રિપબ્લિક ભારત ન્યૂઝ ચેનલના એક કાર્યક્રમને સંબોધિત કરતી વખતે તેમણે વિપક્ષી નેતા રાહુલ ગાંધીનું નામ લીધા વિના ગંભીર કટાક્ષ કર્યો હતો. પીએમ મોદીએ જણાવ્યું હતુ કે જે લોકો આજે દેશમાં બંધારણ બતાવીને રાજનીતિ કરી રહ્યા છે, તેમના હાથ એ સમયે ધ્રુજી રહ્યા હતા જ્યારે દેશમાં નક્સલવાદી હિંસા પોતાના ચરમસીમા પર હતી. તેમણે ભૂતકાળની કોંગ્રેસ સરકારોની નીતિઓની આલોચના કરતા કહ્યું કે અગાઉની સરકારોએ નક્સલ પ્રભાવિત વિસ્તારોને માત્ર પછાત ક્ષેત્ર ગણીને પોતાના નસીબ પર છોડી દીધા હતા. પરંતુ વર્તમાન એનડીએ સરકારે આ નકારાત્મક પરિસ્થિતિને બદલવાનો એક મોટો પડકાર સ્વીકાર્યો હતો. સરકારે ત્યાંના સ્થાનિક લોકોને વર્ષો જૂની નિરાશામાંથી બહાર કાઢવામાં સરાહનીય મદદ કરી છે અને તેમના મનમાં પ્રગતિ તેમજ વિકાસની નવી આશાઓ જગાવી છે.વડાપ્રધાને ભારપૂર્વક જણાવ્યું કે દેશમાં અગાઉ ઘણી સરકારો આવી અને ગઈ, અનેક પેઢીઓ બદલાઈ ગઈ પરંતુ એવું લાગતું હતું કે હિંસાનું આ દુર્ભાગ્ય ક્યારેય સમાપ્ત નહીં થાય. આ કપરી પરિસ્થિતિને



બદલવા માટે વર્તમાન સરકાર 'રાષ્ટ્ર પ્રથમ' એટલે કે 'નેશન ફર્સ્ટ'ના દૃઢ સંકલ્પ સાથે આગળ વધી છે. આજે તેના પરિણામે જ દેશમાં માઓવાદી નક્સલવાદ પોતાના અંતિમ શ્વાસ ગણી રહ્યો છે. છેલ્લા બાર વર્ષમાં કેન્દ્ર સરકારના દરેક નિર્ણય અને પ્રત્યેક પ્રયાસના કેન્દ્રમાં માત્ર નેશન ફર્સ્ટની ભાવના જ રહી છે. સ્વચ્છ ભારત અભિયાન, મેક ઈન ઈન્ડિયા અને સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા જેવા મહત્વના પગલાં આ જ રાષ્ટ્રવાદી વિચારનો એક ભાગ છે. તાજેતરમાં યોજાયેલા જી-સેવન શિખર સંમેલનમાં પણ વિશ્વના તમામ અગ્રણી નેતાઓએ અનુભવ્યું છે કે આજનું નવું ભારત આ જ સિધ્ધાંત પર મજબૂતીથી આગળ વધી રહ્યું છે.સરકારે મધ્યમ વર્ગના પરિવારોને ટેક્સ અને સ્વાસ્થ્ય ક્ષેત્રે ખૂબ મોટી રાહતો આપી છે. વર્ષ ૨૦૧૩-૧૪માં જ્યાં બે લાખ રૂપિયાથી વધુની વાર્ષિક આવક પર પણ ટેક્સ લાગતો હતો, ત્યાં હવે બાર લાખ રૂપિયા સુધીની વાર્ષિક આવકને કરમુક્ત કરવામાં આવી છે. જીએસટી સુધારાઓથી ટેક્સની પ્રક્રિયા અત્યંત સરળ બની છે અને લોકો હવે ઘરે બેઠા સરળતાથી ઈન્કમ ટેક્સ રિટર્ન ભરી શકે છે. જન ઔષધિ કેન્દ્રો દ્વારા દેશના નાગરિકોને સસ્તી દવાઓ મળવાથી લોકોના આશરે ચાલીસ હજાર કરોડ રૂપિયાની મોટી બચત થઈ છે. આ ઉપરાંત દેશમાં મેટ્રો, ટ્રેન અને એરપોર્ટનું નેટવર્ક ઝડપથી વિસ્તરી રહ્યું છે. વર્ષ ૨૦૧૪માં દરરોજ ૨૮ લાખ લોકો મેટ્રોમાં મુસાફરી કરતા હતા, જે સંખ્યા હવે વધીને ૧.૨૮ કરોડ સુધી પહોંચી ગઈ છે. વંદે ભારત અને અમૃત ભારત જેવી આધુનિક ટ્રેનો દેશને જોડી રહી છે. અગાઉ પછાત ગણાતા ૧૦૦થી વધુ જિલ્લાઓને 'આકાંક્ષી જિલ્લા' જાહેર કરીને તેમને વિકાસની મુખ્યધારામાં લાવવામાં આવ્યા છે

# દેશમાં નબળા ચોમાસાને કારણે મોંઘવારીમાં વધારો થશે : RBI

નવી દિલ્હી,તા.૨૩

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) ના જૂન મહિનાના બુલેટિનમાં જણાવ્યા અનુસાર, નબળું દક્ષિણ-પશ્ચિમ ચોમાસું દેશના સ્થાનિક આર્થિક વિકાસ અને મોંઘવારીના અંદાજો માટે મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. બીજી તરફ, વૈશ્વિક અર્થતંત્રની પરિસ્થિતિ હજુ પણ સંપૂર્ણપણે અનિશ્ચિત બનેલી છે. પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈરાન વચ્ચે તાજેતરમાં થયેલી વચગાળાની શાંતિ સમજૂતીથી થોડી રાહત જરૂર મળી છે,




તેમ છતાં ભૌગોલિક-રાજકીય તંગદિલી અને આંતરરાષ્ટ્રીય વેપારમાં અવરોધો યથાવત રહ્યા છે. જો આ શાંતિ સમજૂતી ભવિષ્યમાં તૂટશે, તો વૈશ્વિક સ્તરે મોંઘવારીમાં વધારો, ઊર્જા ક્ષેત્રના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં અવરોધ, રોકાણમાં વિલંબ, ખાદ્ય સુરક્ષાની ચિંતાઓ અને નાણાકીય અસ્થિરતા જેવા મોટા જોખમો ફરીથી પેદા થઈ શકે છે. આવા મુશ્કેલ આંતરરાષ્ટ્રીય વાતાવરણની વચ્ચે પણ, ખાનગી વપરાશ ખર્ચ અને ફિક્સ્ડ રોકાણના જોરે ભારતીય અર્થતંત્રે વર્ષ ૨૦૨૫-૨૬ ના ચોથા ક્વાર્ટરમાં ૭.૮ ટકાનો મજબૂત વિકાસ દર નોંધાવ્યો છે. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના શરૂઆતના બે મહિનાના આર્થિક સૂચકાંકો પણ દેશના અર્થતંત્રની આ ઝડપ જળવાઈ રહેવાના મજબૂત સંકેતો આપે છે. મે મહિનામાં સામાન્ય વધારો થવા છતાં ગ્રાહક ભાવ સૂચકાંક (સીપીઆઈ) આધારિત ફુગાવો હાલ નિયંત્રણમાં રહ્યો છે. આ ઉપરાંત, વિદેશી પ્રત્યક્ષ રોકાણ (એફડીઆઈ) નો સતત પ્રવાહ અને પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ વિદેશી મુદ્રા ભંડારના કારણે ભારતનું બાહ્ય આર્થિક ક્ષેત્ર સતત મજબૂત બની રહ્યું છે. આમ, વૈશ્વિક અનિશ્ચિતતાની વચ્ચે પણ ભારતીય અર્થતંત્રે અન્ય દેશોની સરખામણીમાં ઘણો સારો દેખાવ કર્યો છે અને પોતાના મજબૂત પાયાના કારણે તે આંચકાઓ સહન કરવામાં સક્ષમ રહ્યું છે.

# ધીમી ગતિએ ચોમાસાનું આગમન : મુંબઈમાં ધોધમાર વરસાદ વરસ્યો

મુંબઈ,તા.૨૩

ચોમાસું તેના નિર્ધારિત સમય કરતાં ૧૨ દિવસના વિલંબ બાદ આખરે મંગળવારે મુંબઈ પહોંચી ગયું છે. સામાન્ય રીતે મુંબઈમાં ૧૧ જૂન સુધીમાં ચોમાસાનું આગમન થઈ જતું હોય છે, પરંતુ આ વર્ષે તે મોડું પડ્યું છે. મુંબઈમાં આગમનની સાથે જ શહેરના વિવિધ વિસ્તારોમાં ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દક્ષિણ-પશ્ચિમ ચોમાસું તેલંગાણા, ઓડિશા, છત્તીસગઢ, ઝારખંડ અને બિહારના કેટલાક



વિસ્તારોમાં આગળ વધી ચૂક્યું છે. આગામી બેથી ત્રણ દિવસમાં તે ગુજરાત અને મધ્ય પ્રદેશમાં પહોંચે તેવી શક્યતા છે અને ત્યારબાદના ત્રણ-ચાર દિવસમાં ઉત્તર પ્રદેશમાં પણ તેનો પ્રવેશ થઈ શકે છે.


ચોમાસાના પવનો હાલમાં નબળા હોવાને કારણે તેની ગતિ ધીમી પડી ગઈ છે, જેના લીધે ઉત્તર ભારતમાં ચોમાસું જુલાઈ મહિનામાં પહોંચશે તેવી સંભાવના છે. દિલ્હી, હરિયાણા અને પંજાબ જેવા રાજ્યોને ચોમાસા માટે જુલાઈ સુધી રાહ જોવી પડશે. હાલમાં દેશભરમાં સામાન્ય ૧૦૬ મિલીમીટર વરસાદની સરખામણીએ માત્ર ૬૦.૬ મિલીમીટર વરસાદ જ નોંધાયો છે, જે દર્શાવે છે કે અત્યાર સુધીમાં વરસાદમાં ૪૩ ટકા જેટલી મોટી તંગી જોવા મળી છે. બીજી તરફ સોમવારે મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ અને પંજાબના કેટલાક વિસ્તારોમાં વાવાઝોડા સાથે પ્રિ-મોન્સૂન વરસાદ થયો હતો, જેમાં વીજળી પડવાથી અને વૃક્ષો ધરાશાયી થવાથી જાનમાલનું નુકસાન થયું છે.

### પારદર્શક તપાસ કરવા અને તાત્કાલિક એફઆઈઆર નોંધવા કોર્ટને અપીલ

# રામ મંદિર પ્રસાદ વિવાદ હવે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો

નવીદિલ્હી,તા.૨૩

અયોધ્યાના રામ મંદિરમાં પ્રસાદની ચોરી અને નાણાકીય અનિયમિતતાઓનો વિવાદ હવે સુપ્રીમ કોર્ટના દ્વારે પહોંચ્યો છે. વકીલો અજય કુમાર રાય અને દિનેશ કુમાર યાદવ દ્વારા દાખલ કરવામાં આવેલી જાહેર હિતની અરજીમાં, રામ જન્મભૂમિ ટ્રસ્ટ સાથે જોડાયેલા કથિત ભ્રષ્ટાચારની તપાસ માટે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) ના નેતૃત્વમાં એક વિશેષ તપાસ ટીમ (SIT) ની રચના કરવાની માંગ કરવામાં આવી છે. અરજદારોએ દાનમાં આપેલી રકમની ઉચાપત અંગે



સમયમર્યાદામાં પારદર્શક તપાસ કરવા અને તાત્કાલિક એફઆઈઆર નોંધવા કોર્ટને અપીલ કરી છે. ઉત્તર પ્રદેશ સરકારની વર્તમાન એસઆઈટી પાસે જટિલ નાણાકીય ગુનાઓની તપાસ કરવાની વિશેષ કુશળતા ન હોવાનો દાવો કરીને સ્વતંત્ર એજન્સીની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે. ભક્તોનો વિશ્વાસ જાળવી રાખવા માટે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને ટ્રસ્ટને એક મજબૂત ઓડિટ સિસ્ટમ સ્થાપિત કરવા માટે નિર્દેશ આપવાની પણ માંગ કરાઈ છે.




# રાજસ્થાનમાં સમાન નાગરિક સંહિતા-૨૦૨૬ લાગુ કરવા સરકારની તૈયારી

જયપુર,તા.૨૩

રાજસ્થાનની ભજનલાલ સરકારે રાજ્યમાં યુનિફોર્મ સિવિલ કોડ (UCC) ૨૦૨૬ લાગુ કરવા તરફ એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ૧૪ એપ્રિલની કેબિનેટ બેઠકમાં મળેલી સંમતિ બાદ, સરકારે આ કાયદાનો મુસદ્દો તૈયાર કરવા માટે સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં એક ઉચ્ચ-સ્તરીય સમિતિની રચના કરી



છે.આ પ્રસ્તાવિત સંહિતા અંતર્ગત લગ્ન-છૂટાછેડાની ફરજિયાત નોંધણી, બહુપત્નીત્વ પર પ્રતિબંધ, લિવ-ઈન રિલેશનશિપની નોંધણી અને પૂર્વજોની મિલકતમાં પુત્ર-પુત્રીઓને સમાન અધિકાર આપવા જેવી જોગવાઈઓ સામેલ હોઈ શકે છે. ભાજપ આ પગલાને મહિલા સશક્તિકરણ અને સમાન ન્યાય સાથે જોડી રહ્યું છે, જ્યારે આદિવાસી સમુદાયોની પરંપરાગત ઓળખ અને બંધારણીય રક્ષણને જાળવી રાખવાની ખાતરી પણ આપવામાં આવી છે. સરકારના આ વહીવટી અને વૈચારિક નિર્ણયથી રાજ્યમાં નવી રાજકીય ચર્ચાઓ શરૂ થઈ છે.

# RBIનું મોટું પગલું : દેશની બેંકિંગ સિસ્ટમ મજબૂત કરવા રૂ. ૧.૪૧ લાખ કરોડ ઠાલવ્યા


નવીદિલ્હી,તા.૨૩

ભારતીય રિઝર્વ બેંકે દેશની બેંકિંગ સિસ્ટમને મજબૂત કરવા અને રોકડની અછતને પહોંચી વળવા માટે મંગળવારે ૧,૪૧,૧૭૧ કરોડ રૂપિયા ઠાલવ્યા છે. જીએસટીની ચુકવણીને કારણે બેંકોમાં પ્રવાહિતા ઘટીને ખાધમાં ફેરવાઈ ગઈ હતી, જેને સંતુલિત કરવા આરબીઆઈએ વીઆરઆર (VRR) હરાજી દ્વારા ૫.૨૬ ટકાના કટ-ઓફ



દરે આ રકમનું વિતરણ કર્યું છે. આ પગલાથી રાતોરાત મની માર્કેટ રેટ નિયંત્રણમાં આવશે અને બેંકો પાસે પૂરતું ભંડોળ ઉપલબ્ધ થશે.

પરિણામે બેંકો કોર્પોરેટથી લઈને રિટેલ ગ્રાહકોને સરળતાથી લોન આપી શકશે, જે બજારમાં નાણાંનો પ્રવાહ વધારીને અર્થતંત્ર અને સામાન્ય માણસ બંનેને સીધો ફાયદો પહોંચાડશે.



# બગસરામાં BSNLની સેવાઓ વારંવાર ખોરવાતા ગ્રાહકોમાં રોષ

**મોબાઇલ નેટવર્ક અને ઇન્ટરનેટ સેવા ઠપ થતાં ડિજિટલ કામકાજ પર અસર**

બગસરા, તા. : ૨૩

બગસરા શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી સરકારી ટેલિકોમ કંપની BSNLની મોબાઈલ નેટવર્ક અને ઈન્ટરનેટ સેવાઓ વારંવાર ખોરવાઈ રહી હોવાથી ગ્રાહકો અને વેપારીઓમાં ભારે રોષ ફેલાયો છે. નેટવર્ક બંધ રહેતાં કોલિંગ અને ઈન્ટરનેટ સુવિધા સંપૂર્ણપણે પ્રભાવિત થઈ રહી છે. જેના કારણે ઓનલાઈન બેંકિંગ, UPI ટ્રાન્ઝેક્શન, સરકારી કામગીરી તેમજ વેપાર-ધંધા પર માઠી અસર પડી રહી છે. વિદ્યાર્થીઓને પણ ઓનલાઈન અભ્યાસ અને વિવિધ ફોર્મ ભરવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, અનેક રજૂઆતો છતાં સમસ્યાના કાયમી ઉકેલ માટે કોઈ અસરકારક પગલાં લેવાયા નથી. BSNL દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારાના દાવા કરવામાં આવી રહ્યા છે, પરંતુ બગસરામાં નેટવર્કની સ્થિતિ ચિંતાજનક બની છે. ગ્રાહકોએ તાત્કાલિક સમસ્યાનો ઉકેલ લાવી સેવાઓ નિયમિત કરવાની માંગ કરી છે, અન્યથા આંદોલનની ચીમકી પણ ઉચ્ચારી છે.

# લાઠીમાં ડૉ. શ્યામા પ્રસાદ મુખરજીની પુણ્યતિથિ નિમિત્તે પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો

લાઠી,તા.૨૩


તસવીર : જગદીશ ખેર

લાઠી શહેરમાં ડૉ. શ્યામા પ્રસાદ મુખરજીની પુણ્યતિથિ નિમિત્તે પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલી જિલ્લા ભારતીય જનતા યુવા મોરચાના પ્રભારી હર્ષદેવસિંહ ઝાલા તથા જિલ્લા યુવા મોરચાના અધ્યક્ષ ચેતનભાઈ ધાનાણીની સૂચનાથી યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા. કાર્યક્રમ દરમિયાન જિલ્લા ભાજપ મહામંત્રી રાજુભાઈ ભૂતૈયા, જિલ્લા ભાજપ મંત્રી રાજુભાઈ ભુવા, શહેર ભાજપ પ્રમુખ ધર્મેશભાઈ સોની, તાલુકા ભાજપ પ્રમુખ પરેશભાઈ કનાળા, પાલિકા પ્રમુખ ચેતનભાઈ જમોડ તેમજ નગરપાલિકાના સભ્યો અને યુવા મોરચાના કાર્યકરોએ ઉપસ્થિત રહી ડૉ. મુખરજીને ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

# વાંશિયાળી ખાતે લઘુ શિબિર અને મેલેરિયા કેમ્પ યોજાયો

સાવરકુંડલા,તા.૨૩



આયુષ્માન આરોગ્ય મંદિર-વાંશિયાળી ખાતે ૨૨ જૂન ૨૦૨૬ના રોજ લઘુ શિબિર અને મેલેરિયા કેમ્પનું સફળ આયોજન કરાયું હતું. જેમાં નાગરિકોની બ્લડ પ્રેશર, ડાયાબિટીસ અને સામાન્ય આરોગ્યની વિનામૂલ્યે તપાસ કરી દવાઓ અપાઈ હતી. ચોમાસામાં મચ્છરોનો ઉપદ્રવ અટકાવવા અને ચેપી રોગોથી બચવા માર્ગદર્શન અપાયું હતું. આરોગ્ય કર્મચારી મહેશભાઈ ધાંધલા અને સ્ટાફે શંકાસ્પદ દર્દીઓની તપાસ કરી પ્રશંસનીય કામગીરી બજાવી હતી.

# લીલીયા મોટાની સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ ખાતે યોગ દિવસની ઉજવણી

લીલીયા,તા.૨૩



લીલીયા મોટાની સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ ખાતે ૧૨મા 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. કૉલેજના આચાર્ય ડૉ. રાજેન્દ્રસિંહ રાઠોડના માર્ગદર્શન હેઠળ કૉલેજના NCC યુનિટ, NSS યુનિટ અને સપ્તધારા (વ્યાયામ-યોગ-ખેલકૂદ ધારા)ના સંયુક્ત ઉપક્રમે આ સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૬ની મુખ્ય થીમ "સ્વસ્થ વૃદ્ધાવસ્થા માટે યોગ" રાખવામાં આવી હતી, જેનો મુખ્ય હેતુ વધતી ઉંમરે પણ શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને બહેતર જાળવી રાખવામાં યોગના મહત્વને ઉજાગર કરવાનો છે. કાર્યક્રમની શરૂઆત સવારે નિયત સમયે ૬:૩૦ કલાકે પ્રાર્થના સાથે થઈ હતી. જેમાં મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, પી.આઈ એમ. ડી.સાળુંકે, જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# દામનગરમાં તૂટેલા રસ્તાઓથી નાગરિકો તોબા પોકારી ઉઠ્યા

દામનગર,તા.૨૩



દામનગરમાં ચોમાસાની શરૂઆત પહેલાં જ અનેક રસ્તાઓની હાલત અત્યંત ખરાબ બની ગઈ છે. નગરપાલિકા હદમાં આવેલા ઉબડ-ખાબડ માર્ગોને કારણે વાહનચાલકો અને રાહદારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. પ્રાથમિક શાળા નં. ૧ અને શેઠ એમ.સી. મહેતા હાઈસ્કૂલ વચ્ચે કામકાજ માટે ખોદવામાં આવેલ રસ્તાનું સમારકામ હજુ સુધી કરવામાં આવ્યું નથી. પરિણામે વાહનો ફસાઈ જવાના બનાવો બની રહ્યા છે. નાગરિકોએ પ્રી-મોન્સૂન કામગીરી ઝડપથી પૂર્ણ કરી રસ્તાઓનું સમારકામ કરવા નગરપાલિકાના સત્તાધીશોને તાત્કાલિક પગલાં લેવા અપીલ કરી છે.

# રાજુલાની કોલેજમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી

રાજુલા,તા.૨૩



રાજુલામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન એચ.બી. સંઘવી મહિલા આર્ટ્સ તથા કોમર્સ કોલેજ ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવેલ હતી. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, રાજુલા તાલુકાના નિયુક્ત યોગ પ્રશિક્ષક દિપાબેન તેરૈયા તથા અન્ય યોગ પ્રશિક્ષકના નિદર્શનથી બહેનોમાં યોગ અંગે જાગૃતિ લાવવાનો સફળ પ્રયાસ કરેલ. આ સમારંભમાં કોલેજોના સેક્રેટરી બાલકૃષ્ણ ત્રિવેદી, કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ, કેમ્પસ ડાયરેક્ટર ડો.જીગ્નેશભાઈ વાજાની વિશેષ ઉપસ્થિતિ રહેલ. આ તકે આચાર્યા ડો. રીટાબેન રાવલે મહેમાનોને સત્કારી અને જીવનમાં યોગનું મહત્વ સમજાવેલ. આ તકે યોગ ટ્રેનર રેખાબેન દોશી, નિધિબેન ત્રિવેદી, મનીષાબેન ત્રિવેદી, દક્ષાબેન વ્યાસ, જ્યોતિબેન મીના, નંદિનીબેન જગડા, ક્રિષ્નાબેન ધડુકે યોગનું માર્ગદર્શન આપેલ. પ્રો. નેહાબેન દરજીએ આભાર વિધિ કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો.એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર ભગવતીબેન વડિયાએ કર્યુ હતુ. સમગ્ર કાર્યક્રમની તૈયારી જાગૃતિબેન તેરૈયા તથા સ્વયંસેવિકાઓએ કરાવી હતી.

# અમરેલીના ગજેરા કેમ્પસમાં ૬૦૦૦ વ્યક્તિઓની ઉપસ્થિતિમાં યોગ દિવસની ઉજવણી

અમરેલી,તા.૨૩



અમરેલીમાં ૨૧ જૂનના રોજ ગજેરા કેમ્પસ-વિદ્યાસભા ખાતે ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. અમરેલી જિલ્લા કક્ષાનો આ કાર્યક્રમ ઊર્જા અને કાયદો રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. રાજ્ય યોગ બોર્ડ તથા જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે "Yoga fro Healthy Ageing" ની થીમ અંતર્ગત આયોજિત કાર્યક્રમમાં ૬૦૦૦ થી વધુ નાગરિકો, વિદ્યાર્થીઓ, સ્ટાફગણ, વરિષ્ઠ નાગરિકો, યોગપ્રેમીઓ તથા વિવિધ વિભાગોના અધિકારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સૌએ સામૂહિક યોગાભ્યાસ કરી સ્વસ્થ, સક્રિય અને સુખમય જીવનશૈલી અપનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી કે. જે. જાડેજા, પોલીસ અધિક્ષક સંજય ખરાત, પ્રાંત અધિકારી એમ.જે. નાકિયા, જિલ્લા શિક્ષણાધિકારી એમ.બી. ગોહિલ, મામલતદારો, નગરપાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોલીયા સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થા તરફથી મંત્રી ચતુરભાઈ ખૂંટ, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી તેમજ શૈક્ષણિક, બિન-શૈક્ષણિક અને સ્પોર્ટ્સ વિભાગના સ્ટાફગણ ઉપસ્થિત રહ્યા હતા. યોગ બોર્ડના અમરેલી જિલ્લા કોર્ડિનેટર સાગર મહેતા તથા યોગ શિક્ષકોની ટીમ દ્વારા યોગાભ્યાસનું સફળ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અંતે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા તથા સમગ્ર મેનેજમેન્ટ તરફથી કાર્યક્રમને સફળ બનાવવામાં યોગદાન આપનાર સહુનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# સાવરકુંડલાના લાલધામ આશ્રમ ખાતે સેવાભાવી આગેવાનો અને તબીબોનું સન્માન

સાવરકુંડલા,તા.૨૩



સાવરકુંડલાના આસ્થાના કેન્દ્ર સમાન પવિત્ર લાલધામ આશ્રમ ખાતે સમાજ અને લોકસેવાના ક્ષેત્રે નિષ્ઠાપૂર્વક કાર્ય કરતા જનપ્રતિનિધિઓ તેમજ આરોગ્ય ક્ષેત્રે માનવતાની સેવા બજાવતા તબીબોના સન્માન માટે ભવ્ય સમારોહ યોજાયો હતો. પૂજ્ય સંતોના સાનિધ્યમાં યોજાયેલા આ કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ નયનાબેન અતુલભાઈ કાપડિયા, દંડક અરવિંદકુમાર શામજીભાઈ મેવાડા અને તાલુકા પંચાયત પ્રમુખ દક્ષાબેન મુકેશભાઈ મહિડાનું શાલ અને સ્મૃતિચિન્હ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.આ ઉપરાંત ડો. માધવીબેન નાથાલાલ રાઠોડ અને ડો. કોમલબેન ભાણજીભાઈ ખુમાણને આરોગ્ય સેવાઓ બદલ વિશેષ સન્માન અપાયું હતું. કાર્યક્રમ દરમિયાન હેતલબેન જીતેન્દ્રભાઈ વાઘેલા અને નિતિનભાઈ રાધવભાઈ હેલેયાની લોકસેવાની પણ પ્રશંસા કરવામાં આવી હતી.

# સિંહોના માનવ પર હુમલા અંગે પ્રસિધ્ધ થયેલા અહેવાલો વાસ્તવિકતાથી અલગ: દીપકભાઈ માલાણી

અમરેલી,તા.૨૩

સિંહોના માનવ શિકાર બાબતે વન્યજીવ નિષ્ણાંતો દ્વારા પ્રસિદ્ધ થયેલા વિસ્તૃત અહેવાલ અને વિશ્લેષણને દીપકભાઈ કે. માલાણી દ્વારા વાસ્તવિકતાથી અલગ અને અપૂરતી માહિતી અથવા ચોક્કસ એજન્ડા સાથેની દલીલો ગણાવી છે. તાજેતરમાં જુનાસાવર, કોવાયા અને ગઢડામાં ખેડૂતો કે મજૂરોના બાળકો પર થયેલા સીધા હુમલાઓ માટે ગેરકાયદેસર સિંહ દર્શન કે લાયન ટૂરિઝમ જવાબદાર નથી. સૈકાઓથી ગીરમાં સિંહો અને માલધારીઓ સાથે રહેતા આવ્યા છે, છતાં ભૂતકાળમાં આવા બનાવો ક્યારેય બન્યા નથી. હુમલા વધવાનું મુખ્ય કારણ એ છે કે કેરિંગ કેપેસિટી કરતાં સિંહોની વસ્તી ખૂબ વધી ગઈ છે અને તેમને પૂરતો ખોરાક મળતો નથી. માલધારીઓને જંગલમાંથી બહાર કાઢવાની નીતિને કારણે સિંહો રેવન્યુ વિસ્તારમાં આવી ગયા છે. વન નીતિમાં સ્થાનિક લોકોના વાસ્તવિક અનુભવોને અવગણીને બહારના લોકોના પ્રભાવ હેઠળ નિર્ણયો લેવાય છે. માલધારીઓને હટાવવાથી કે ધાર્મિક સ્થાનો પર પ્રતિબંધ મૂકવાથી વન્યજીવોને કોઈ ફાયદો થયો નથી. મહેસૂલી અને માનવ વસાહત વિસ્તારો વચ્ચે હિંસક પ્રાણીઓ સુરક્ષિત રીતે સાથે રહી ન શકે અને આ બાબતે ન્યાયતંત્રને પણ ખોટી માહિતી આપવામાં આવી રહી છે.


Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંર્પૂણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com








|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

યમુના જ્વેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જ્વેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

# કૌશિક વેકરીયાના હસ્તે ચિત્તલ મુકામે સુવિધાપથનું લોકાર્પણ કરાયુ

અમરેલી,તા.૨૩



ચિત્તલ મુકામે સ્થાનિક નાગરિકોની સુવિધામાં નોંધપાત્ર વધારો કરતા નવનિર્મિત 'સુવિધાપથ'નું લોકાર્પણ ગુજરાત સરકારના ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. ચિત્તલ હાઈસ્કૂલ નજીક તથા નવાણવાડી વિસ્તારમાં અંદાજિત રૂ. ૧.૭૦ કરોડના ખર્ચે આ આધુનિક સુવિધાપથનું નિર્માણ કરવામાં આવ્યું છે. નવા માર્ગો ખુલ્લા મુકાતા લાંબા સમયથી સારા રસ્તાની રાહ જોતા સ્થાનિક રહીશો અને વાહનચાલકોને પાકા અને સુવિધાસભર માર્ગોની કાયમી ભેટ મળી છે. માર્ગ અને મકાન વિભાગ તથા જિલ્લા પંચાયત અમરેલીની ગ્રાન્ટ હેઠળ આ બંને સુવિધાપથનું નિર્માણ કરવામાં આવ્યું હોવાનું જણાવાયું હતું. લોકાર્પણ પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર છેવાડાના નાગરિકો સુધી પાયાની માળખાકીય સુવિધાઓ પહોંચાડવા માટે સતત પ્રતિબધ્ધ છે. ચિત્તલ ખાતે તૈયાર થયેલો આ સુવિધાપથ સ્થાનિક સ્તરે વાહનવ્યવહારને વધુ સુગમ, ઝડપી અને સુરક્ષિત બનાવશે. ખાસ કરીને ચોમાસા સહિત વિવિધ ઋતુઓ દરમિયાન નાગરિકોને અવરજવરમાં પડતી મુશ્કેલીઓમાં રાહત મળશે.

# અમરેલી ભાજપના પ્રશિક્ષણ વર્ગ માટે કાર્યશાળાનું આયોજન કરાયુ

અમરેલી,તા.૨૩




અમરેલી જિલ્લા ભાજપ દ્વારા આયોજિત પ્રશિક્ષણ વર્ગને સફળ બનાવવા માટે વિશેષ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યશાળામાં પ્રદેશ ભાજપ અગ્રણી અને સૌરાષ્ટ્ર ઝોન ઈન્ચાર્જ પ્રદીપભાઈ ખીમાણી તથા રાજેશભાઈ પંડ્યાએ ઉપસ્થિત રહી કાર્યકર્તાઓ અને વક્તાઓને સંગઠનાત્મક કાર્ય, જનસંપર્ક અને પક્ષની વિચારધારા અંગે માર્ગદર્શન આપ્યું હતું. અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં રાજ્યના ઊર્જા મંત્રી કૌશિકભાઈ વેકરિયા, જિલ્લા સંગઠન પ્રભારી અભયસિંહ ચૌહાણ, પ્રશિક્ષણ વર્ગના ઈન્ચાર્જ શરદભાઈ પંડ્યા તેમજ મહામંત્રીઓ મયુરભાઈ માંજરિયા અને રાજુભાઈ ભૂતૈયા સહિત જિલ્લાના હોદ્દેદારો હાજર રહ્યા હતા. જિલ્લા ભાજપના મીડિયા ઈન્ચાર્જ વિપુલ ભટ્ટીએ જણાવ્યું હતું કે જિલ્લાના ૨૦ મંડળોમાં દોઢ દિવસીય પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સાત વિવિધ વિષયો પર વિસ્તૃત અભ્યાસ અને માર્ગદર્શન આપવામાં આવશે.

# આરોપીઓની અટકાયત કેમ નથી કરતા? તેમ કહી સાવરકુંડલાના PSIની ફરજમાં રૂકાવટ

સાવરકુંડલા, તા. ૨૩

**પીએસઆઈ સાથે ઉશ્કેરાઈ જઈ ઉગ્ર બોલાચાલી કરી**

અન્ય ગુનામાં પકડાયેલા આરોપીઓની અટકાયત કરવાની કેમ ના પાડો છો? તેમ કહી સાવરકુંડલાના પીએસઆઈ (PSI)ની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરવામાં આવી હતી. આ અંગે પોલીસ સબ ઈન્સ્પેક્ટર ભરતભાઈ પુનાભાઈ પરમારે સાવરકુંડલામાં જ રહેતા દેવર્ષીભાઈ બોરીસાગર સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ, પીએસઆઈ જ્યારે પોતાની ફરજ પર હાજર હતા, ત્યારે આરોપી દેવર્ષીભાઈએ આવીને તેમની પર આક્ષેપો કર્યા હતા. આરોપીએ ઉશ્કેરાઈ જઈને ઉગ્ર બોલાચાલી કરી પોલીસની કાયદેસરની ફરજમાં અડચણ ઊભી કરી હતી

# અમરેલીની મોંઘીબા મહિલા કોલેજ ખાતે વિશ્વ યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી

અમરેલી,તા.૨૩

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ ખાતે ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. વિલાસબહેન સોરઠીયાના માર્ગદર્શન હેઠળ ૧૨મા 'વિશ્વ યોગ દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં NSS, NCC, સ્પોર્ટ્સ વિભાગની વિદ્યાર્થીનીઓ અને સમગ્ર સ્ટાફ સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પ્રિન્સિપાલ ડૉ. વિલાસબહેને યોગને જીવનનો અભિન્ન ભાગ



બનાવવા પ્રેરણાદાયી સંબોધન કર્યું હતું, ત્યારબાદ સૌએ વિવિધ યોગાસનો, પ્રાણાયામ અને ધ્યાનનો અભ્યાસ કર્યો હતો. આ ઉજવણીનો મુખ્ય હેતુ શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સ્વાસ્થ્ય તેમજ તંદુરસ્ત જીવનશૈલી પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો. અંતે, કોલેજ પરિવારે નિયમિત યોગાભ્યાસ દ્વારા સ્વસ્થ અને સકારાત્મક જીવન જીવવાનો દઢ સંકલ્પ કર્યો હતો, જેનાથી કેમ્પસમાં આરોગ્ય અને સુખાકારીનો સકારાત્મક સંદેશ ફેલાયો હતો.

# સા.કુંડલા કોર્ટમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી

સાવરકુંડલા,તા.૨૩



સાવરકુંડલા તાલુકા કાનૂની સેવા સમિતિ દ્વારા કોર્ટ પરિસરમાં 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ફેમિલી જજ કુ. એચ. ડી. પંડિત, પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ કે. એન. સરવૈયા અને એડિશનલ સિનિયર સિવિલ જજ એમ. એફ. પઠાણ સહિત બાર એસોસિએશનના વકીલો અને કોર્ટ સ્ટાફે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વિવિધ યોગાસનો તેમજ પ્રાણાયામ કર્યા હતા. જાણીતા યોગશિક્ષક શ્રી હિરેનભાઈ ડાભીએ સૌને પ્રોટોકોલ મુજબ સરળ શૈલીમાં આસનો કરાવી રોજિંદા જીવનમાં યોગનું મહત્વ અને તેનાથી થતા સ્વાસ્થ્ય લાભો વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

# સાવરકુંડલામાં શ્રી ધર્મનાથ જિનાલયે ૧૭૫મી સાલગીરીની ભવ્ય ઉજવણી

સાવરકુંડલા,તા.૨૩



સંસ્કારનગરી સાવરકુંડલામાં ત્રિલોકનાયક શ્રી ધર્મનાથ ભગવાનના જિનાલયની ૧૭૫મી સાલગીરી નિમિત્તે સમગ્ર જૈન સંઘમાં શ્રદ્ધા, ભક્તિ અને સમર્પણનો ભવ્ય મહોત્સવ યોજાયો હતો. આ મંગલ પ્રસંગે જિનાલય અને આત્મશુદ્ધિ કાજે ૧૮ અભિષેક પૂજન વિધિ પાલીતાણાના જયદીપભાઈ દ્વારા સંપન્ન કરાવાઈ હતી. મહોત્સવના બીજા દિવસે શુભ મુહૂર્તે મંત્રોચ્ચાર સાથે જિનાલયના શિખર પર ઉલ્લાસભેર ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું, જેનાથી સમગ્ર સંઘમાં આનંદ વ્યાપી ગયો હતો. આ ધ્વજારોહણનો લાભ માતૃશ્રી પ્રતિભાબેન ભોગીલાલ મગનલાલ ગાંધી પરિવાર તથા માતૃશ્રી વિમળાબેન હિંમતલાલ દોશી પરિવારે લીધો હતો.

# અમરેલી ગ્રાહક કમિશનમાં ખાલી જગ્યાઓ ભરવાની માંગ

અમરેલી,તા.૨૩



અમરેલી જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં નિયમિત પ્રમુખશ્રી અને સભ્યશ્રીની જગ્યાઓ લાંબા સમયથી ખાલી હોવાથી અનેક કેસોના ચુકાદાઓ પેન્ડિંગ રહ્યા છે. જેના કારણે પક્ષકારોને સમયસર ન્યાય મળવામાં મુશ્કેલી પડી રહી છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને જે.આર. વાળાએ મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજૂઆત કરી કોર્ટની ખાલી જગ્યાઓ તાત્કાલિક ભરવા અને કામગીરીને ગતિ આપવા માંગ કરી છે.

# રાજુલામાં ઈમામ હુસૈનની શહાદતની યાદમાં મહા રક્તદાન કેમ્પ યોજાયો

રાજુલા,તા.૨૩



રાજુલા ખાતે આજે સમસ્ત રાજુલા મુસ્લિમ સમાજ તથા મુસ્લિમ સમાજ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ઈમામ હુસૈનની શહાદતની યાદમાં મહા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. "રક્તદાન એજ મહાદાન"ના સંદેશ સાથે યોજાયેલા આ કેમ્પમાં મોટી સંખ્યામાં રક્તદાતાઓએ ઉત્સાહભેર ભાગ લઈને માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ રક્તદાન કેમ્પ શાહગીરા વાડી, ઘાંચી જમાત ખાના ખાતે યોજાયો હતો. કેમ્પને સફળ બનાવવા માટે નવકાર ચેરિટેબલ ટ્રસ્ટ-મહુવા દ્વારા સહયોગ આપવામાં આવ્યો હતો. આજના આ બ્લડ ડોનેશન કેમ્પમાં કુલ ૧૧૧ બોટલ લોહી એકત્રિત થયેલ હતું.

# વાંકીયા પ્રા. આરોગ્ય કેન્દ્ર દ્વારા જૂન માસ મેલેરિયા વિરોધી માસની ઉત્સાહભેર ઉજવણી

વાંકીયા,તા.૨૩

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. આર. એમ. જોષી અને અન્ય ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ વાંકીયા ગામ ખાતે જૂન માસમાં 'મેલેરિયા વિરોધી ઉજવણી' કરવામાં આવી હતી. અટકાયતી પગલાંના ભાગરૂપે, આરોગ્ય ટીમ દ્વારા ૨૦૦થી વધુ ઘરોની મુલાકાત લઈ ૩૫૦થી વધુ ખુલ્લા પાત્રોમાં પોરા ભક્ષક માછલીઓ મૂકવામાં આવી હતી. આ ઉપરાંત, ગામમાંથી નકામા ટાયર, ભંગાર, ડબા-ડબ્બી અને કુંડાઓનો નિકાલ કરાયો હતો.અભિયાન દરમિયાન ગ્રામજનોને પાણીના ટાંકા હવાચુસ્ત ઢાંકવા, શરીર ઢંકાય તેવા વસ્ત્રો પહેરવા, આજુબાજુ ભરાતા પાણીનો નિકાલ કરવા અને તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવવા અંગે આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું હતું. આ કામગીરીને સફળ બનાવવા સ્થાનિક આરોગ્ય કર્મચારી એ. ડી. અગ્રાવત અને આશા બહેનોની ટીમે ઘરે-ઘરે જઈને ટાંકા-ટાંકીની તપાસ કરી લોકોને મેલેરિયા અટકાવવા માટે પ્રેરિત કર્યા હતા.

# અમરેલીમાં યુવતીને નોકરીની લાલચ આપી ઠગાઈ

અમરેલી, તા. ૨૩

અમરેલીમાં એક યુવતીને નોકરીની લાલચ આપી રૂ. ૪૧,૫૦૦ની ઠગાઈ કરવામાં આવી હતી. આ અંગે દયાબેન બાબુભાઈ ચાવડા (ઉ.વ. ૨૭) એ માનસીબેન પાડલીયા તથા અસ્મિતાબેન ડોબરીયા સામે ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓએ તેમને જણાવ્યું હતું કે, PNB METLIFE INSURANCEમાં પોલિસી લેવાથી મેડિકલ સુવિધા મળશે, તેમજ ઘરના કોઈ એક સભ્યને કંપનીમાં કોલર તરીકેની પ્રાઈવેટ નોકરી મળશે. આવી લોભામણી વાતો અને નોકરીની ગેરંટી આપીને આરોપીઓએ ફરિયાદી પાસેથી અવારનવાર કરીને રૂ. ૫,૫૦૦ અને રૂ. ૩૬,૦૦૦ મળી કુલ રૂ. ૪૧,૫૦૦ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધા હતા. આરોપીઓએ PNB METLIFE INSURANCEની પોલિસી તો આપી દીધી, પરંતુ વચન આપ્યા મુજબ ઘરના કોઈ સભ્યને નોકરી અપાવી નહોતી. આ અંગે અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એ.એસ. આઈ. (ASI) એસ. બી. સૈયદ વધુ તપાસ ચલાવી રહ્યા છે.













તંત્રી લેખ


# ચોમાસું : અર્થતંત્રનો જીવનદાતા

દક્ષિણ- પશ્ચિમ ચોમાસું ભારતની સૌથી મહત્વપૂર્ણ હવામાન પ્રણાલીઓમાંનું એક છે. તાજેતરમાં લગભગ બે અઠવાડિયાના વિરામ પછી ચોમાસું ફરી સક્રિય બન્યું છે અને દેશના મધ્ય તથા પશ્ચિમ વિસ્તારો તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. આ માત્ર વરસાદના સમાચાર નથી, પરંતુ ભારતના અર્થતંત્ર, કૃષિ અને સામાન્ય જનજીવન માટે આશાનું કિરણ છે. ભારતમાં વર્ષ દરમિયાન પડતા કુલ વરસાદનો મોટો હિસ્સો ચોમાસા દ્વારા પ્રાપ્ત થાય છે. સામાન્ય રીતે જૂન મહિનાની શરૂઆતમાં ચોમાસું કેરળના દરિયાકિનારે પહોંચે છે અને ધીમે ધીમે સમગ્ર દેશમાં ફેલાય છે. સપ્ટેમ્બર સુધીમાં તે દેશના મોટા ભાગના વિસ્તારોને આવરી લે છે. વૈજ્ઞાનિક દ્દષ્ટિએ ચોમાસું પવનની દિશામાં થતો ઋતુગત ફેરફાર છે. ઉનાળામાં જમીન સમુદ્રની સરખામણીએ વધુ ઝડપથી ગરમ થાય છે, જેના કારણે જમીન ઉપર નીચા દબાણનો વિસ્તાર સર્જાય છે. બીજી તરફ સમુદ્ર ઉપર તુલનાત્મક રીતે ઊંચું દબાણ રહે છે. આ દબાણના તફાવતને કારણે ભેજવાળા પવનો સમુદ્રમાંથી જમીન તરફ ફૂંકાય છે. આ પવનોને નૈઋત્યના ચોમાસાના પવનો કહેવામાં આવે છે. આ પવનો સાથે મોટી માત્રામાં જળબાષ્પ આવે છે. જ્યારે ભેજવાળી હવા ઉપર ચડે છે ત્યારે તેનું તાપમાન ઘટે છે અને ઘનીભવનની પ્રક્રિયા દ્વારા વાદળો રચાય છે. વાદળોમાં પાણીના કણોનું પ્રમાણ વધતાં વરસાદ શરૂ થાય છે. ભારતમાં ચોમાસું મુખ્યત્વે બે શાખાઓમાં વહેંચાયેલું છે—અરબી સમુદ્ર શાખા અને બંગાળની ખાડી શાખા. અરબી સમુદ્ર શાખા પશ્ચિમ ઘાટ અને પશ્ચિમ ભારતના વિસ્તારોમાં ભારે વરસાદ લાવે છે, જ્યારે બંગાળની ખાડી શાખા પૂર્વોત્તર ભારત, ગંગાના મેદાનો અને ઉત્તર ભારતને વરસાદ આપે છે.

ચોમાસાની ગતિ પર અનેક પરિબળો અસર કરે છે. આંતર ઉષ્ણકટિબંધીય અભિસરણ પટ્ટીની સ્થિતિ, અરબી સમુદ્ર અને બંગાળની ખાડીનું તાપમાન, અલ નીનો જેવી વૈશ્વિક આબોહવાની ઘટનાઓ તથા હિમાલયની પર્વતમાળા ચોમાસાના સ્વરૂપ અને પ્રગતિને પ્રભાવિત કરે છે. ભારત એક કૃષિપ્રધાન દેશ છે. આજે પણ કરોડો લોકોની આજીવિકા સીધી કે આડકતરી રીતે ખેતી સાથે જોડાયેલી છે. દેશના લાખો ખેડૂતો વરસાદ આધારિત ખેતી પર નિર્ભર છે. તેથી ચોમાસું માત્ર એક ઋતુ નહીં, પરંતુ દેશની આર્થિક ધમની છે. સારો વરસાદ થાય ત્યારે ખેતીમાં ઉત્પાદન વધે છે, ખેડૂતોની આવકમાં વધારો થાય છે અને બજારોમાં ખરીદીની ગતિ તેજ બને છે. ચોમાસાની સફળતા માત્ર ખેતરો પૂરતી મર્યાદિત નથી. જળાશયો, ડેમો, ભૂગર્ભ જળના સ્તરો અને વીજ ઉત્પાદન પણ વરસાદ પર આધારિત છે. પૂરતો વરસાદ દેશની ખાદ્ય સુરક્ષાને મજબૂત બનાવે છે અને મોંઘવારીને નિયંત્રણમાં રાખવામાં મદદરૂપ બને છે. આબોહવા પરિવર્તનના યુગમાં કુદરતી સંતુલન જાળવવું અત્યંત જરૂરી બન્યું છે. જંગલોનું સંરક્ષણ, જળસંચય અને પર્યાવરણ પ્રત્યેની જવાબદારી વગર ચોમાસાની અનિશ્ચિતતા વધવાની શક્યતા રહે છે. વરસાદની બદલાતી પધ્ધતિઓ ભવિષ્ય માટે ચેતવણીરૂપ સંકેત આપે છે. ચોમાસાની ફરી સક્રિય થયેલી ગતિ ભારતના કરોડો ખેડૂતો, વેપારીઓ અને સામાન્ય નાગરિકો માટે નવી આશા લઈને આવી છે. વરસાદના આ વાદળો માત્ર પાણી જ નહીં, પરંતુ સમૃધ્ધિ, રોજગાર અને વિકાસના સંદેશવાહક બનીને આવ્યા છે. તેથી ચોમાસાને ભારતના જીવનચક્રનું કેન્દ્રબિંદુ કહેવું અતિશયોક્તિ નથી.

# અમરેલીની ડી. એચ. કાબરીયા આર્ટસ મહિલા કોલેજનું B.A. સેમ.-III નું ૯૫% પરિણામ

અમરેલી,તા.૨૩



**૧૦૦% ફર્સ્ટક્લાસ સાથે લશ્કરી પ્રિયંકા પ્રથમ, હિરાણી જેનીશા દ્વિતીય અને જોધાણી પાયલ તૃતીય સ્થાને**

અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ ખાતેની ડી. એચ. કાબરીયા આર્ટસ મહિલા કોલેજ અમરેલીનું શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ નું B.A. (Psy અને Eng.) સેમ.-III નું યુનિવર્સિટી પરિણામ ૯૫% આવ્યું છે, જેમાં ૧૦૦% ફર્સ્ટક્લાસ નોંધાયો છે. આ પરિણામમાં કોલેજ કક્ષાએ પ્રથમ ત્રણ ક્રમે ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીનીઓમાં લશ્કરી પ્રિયંકા પી. ૮૮.૧૮% સાથે કોલેજ ફર્સ્ટ, હિરાણી જેનીશા પી. ૮૭.૪૫% સાથે કોલેજ સેકન્ડ અને જોધાણી પાયલ વી. ૮૬.૫૫% સાથે કોલેજ થર્ડ સ્થાન મેળવ્યું છે. આ શ્રેષ્ઠ પરિણામ મેળવવા બદલ સંસ્થા તરફથી સ્ટાફ, સ્ટુડન્ટ્સ અને રેન્કર્સને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# જાફરાબાદના ટીબી ગામે સાસુએ વહુને મારી નાખવાની ધમકી આપી

જાફરાબાદ, તા. ૨૩

**જાનથી મારવાની ધમકી આપી**

જાફરાબાદના ટીબી ગામે સાસુ વહુને તાવેથો લઈ મારવા દોડ્યા હતા અને જાનથી મારવાની ધમકી આપી હતી. આ અંગે બેનાબેન મુકેશભાઈ ગોહિલે (ઉ.વ.૩૩)ફરિયાદ નોંધાવી છે કે, તેમના લગ્નજીવન દરમિયાન પતિ મુકેશભાઈ કંઈ કામ-ધંધો કરતા ન હોય તેમજ ઘરકામ બાબતે અને એનકેન પ્રકારે વાતવાતમાં મેણાટોણા મારતા હતા. પતિ મુકેશભાઈએ ઢીંકાપાટુનો માર માર્યો હતો તથા સાસુ ફુલુબેને તાવેથો લઈને મારવા દોડી, જાનથી મારી નાખવાની ધમકી આપી મારઝૂડ કરી શરીરે મૂઢ ઈજાઓ પહોંચાડી શારીરિક-માનસિક દુ:ખ ત્રાસ આપ્યો હતો. નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી. એન. પરમાર આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલામાં શાકભાજી વિક્રેતાના પગ પર ક્રેનનું ટાયર ફરી વળ્યું

સાવરકુંડલા, તા. ૨૩

સાવરકુંડલામાં એક શાકભાજી વિક્રેતાના પગ પર ક્રેનનું ટાયર ફરી વળતાં અકસ્માત સર્જાયો હતો. ઈબ્રાહીમભાઇ અબ્દુલભાઇ કુરેશી (ઉ.વ. ૬૮) અને તેમના ભાઇ યુનુસભાઇ પોતપોતાની શાકભાજીની લારીઓ લઈને વેપાર અર્થે નીકળ્યા હતા. આ દરમિયાન બંને ભાઈઓ સાવરકુંડલા-અમરેલી રોડ પર દુર્ગા ફર્નિચરની સામેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે એક પીળા રંગની ક્રેનના ચાલકે પોતાના વાહનને પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી ઈબ્રાહીમભાઈના જમણા પગ પર ક્રેનનું ટાયર ચડાવી દીધું હતું. આ અકસ્માતમાં તેમને શરીરે નાની-મોટી ઈજાઓ થઈ હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન. એન. ખસતીયા આ મામલે વધુ તપાસ કરી રહ્યા છે.

# જાફરાબાદના લોઠપુરમાં જમીનના મનદુ:ખમાં સામસામે ફરિયાદ નોંધાઈ

જાફરાબાદ, તા. ૨૩

જાફરાબાદના લોઠપુરમાં જમીનના મનદુ:ખમાં સામસામે ફરિયાદ નોંધાઈ હતી. ગીતાબેન પ્રવીણભાઈ મકવાણા (ઉ.વ.૩૫) એ રાજાભાઈ નાનજીભાઈ મકવાણા, ભરતભાઈ રાજાભાઈ મકવાણા, શૈલેશભાઈ રાજાભાઈ, ભાનુબેન રાજાભાઈ મકવાણા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીઓ સાથે તેમને વડીલોપાર્જિત ખેતીની જમીન બાબતે મનદુ:ખ ચાલતું હતું. જેની દાઝ રાખી આરોપીઓ તેમના ઘર પાસે આવ્યા હતા અને તેમના સસરાને લાકડી વડે વાંસાના ભાગે મૂંઢમાર માર્યો હતો. તેમજ ધારીયા વડે મારતાં માથાના ભાગે ત્રણ ટાંકા આવે તેવી ઈજા કરી હતી. આ ઉપરાંત ઉપરોક્ત ચારેય આરોપીઓએ તેમના પતિને શરીરે મૂંઢમાર મારી ઈજા પહોંચાડી જેમ-ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ સામા પક્ષે ભરતભાઈ રાજુભાઈ મકવાણા (ઉ.વ. ૨૭)એ કરશનભાઈ નાનજીભાઈ મકવાણા, પ્રવિણભાઈ કરશનભાઈ મકવાણા તથા ગીતાબેન પ્રવિણભાઈ મકવાણા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમને પણ વડીલોપાર્જિત ખેતીની જમીન બાબતે મનદુ:ખ ચાલતું હતું. આરોપીઓએ તેમના ચાલવાના રસ્તામાં પથ્થરો તથા માટીના ઢગલા કરી અડચણ ઊભી કરી હતી. જે બાબતે દાઝ રાખી આરોપીઓએ હાથમાં રહેલા લોખંડના પાઈપ વડે ભરતભાઈને માથાના ભાગે બે ટાંકા આવે તેવી ઈજા પહોંચાડી હતી. તેમજ તેમને તથા તેમના મોટા ભાઈ શૈલેષભાઈને શરીરે મૂંઢમાર મારી જેમ-ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# રાજુલા શહેરમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી

રાજુલા,તા.૨૩



રાજુલા ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે શહેર અને તાલુકા ભાજપ પરિવાર દ્વારા ભવ્ય યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. પીઠાભાઈ નકુમની સ્કૂલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ભાજપના આગેવાનો, કાર્યકરો તથા નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઉપસ્થિતોએ વિવિધ યોગાસનો અને પ્રાણાયામનો અભ્યાસ કરીને યોગના આરોગ્યલક્ષી લાભોને સમજ્યા હતા. વક્તાઓએ જણાવ્યું કે યોગ શરીર, મન અને આત્માના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ સાધન છે. કાર્યક્રમ દરમિયાન યોગને જનઆંદોલન બનાવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો. અંતે સૌને દૈનિક જીવનમાં યોગ અપનાવી સ્વસ્થ અને સશક્ત ભારતના નિર્માણમાં યોગદાન આપવા અપીલ કરવામાં આવી હતી.

# વડેરા ગામથી આંકડીયા જવાના ગાડા માર્ગેથી ૯ શકુની ઝબ્બે

અમરેલી, તા. ૨૩

અમરેલીના વડેરા ગામથી આંકડીયા જવાના ગાડા માર્ગેથી ૯ શકુની ઝડપાયા હતા. હસમુખભાઈ દેવશીભાઈ ચોવટીયા, રાહુલભાઈ બાબુભાઈ માધડ, ગૌતમભાઈ ખીમાભાઈ દાફડા, રાવતભાઈ હાદાભાઈ બાખલકીયા, જીતેશભાઈ ભુપતભાઈ દેથળીયા, અલ્પેશભાઈ ભનુભાઈ ચૌહાણ, ઘનશ્યામભાઈ ગોવિંદભાઈ ધાધલ, રામજીભાઈ કરશનભાઈ મકવાણા અને પરેશભાઈ નાથાભાઈ દેથળીયા ખુલ્લી જગ્યામાં જાહેરમાં પૈસા-પાના વડે હાર-જીતનો તીન-પત્તીનો જુગાર રમતાં રોકડા રૂ. ૧૦,૧૬૦ તેમજ હાથબત્તી મળી કુલ રૂ. ૧૦,૨૬૦ ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ વી. વી. ડાભી વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૫૦૧ | ૧૯૧૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૦૫ |
| ઘઉં ટુકડા | ૪૦૫ | ૬૧૫ |
| જુવાર સફેદ | ૧૦૬૧ | ૧૧૧૦ |
| જુવાર લાલ | ૧૦૧૮ | ૧૧૭૧ |
| જુવાર પીળી | ૪૪૦ | ૫૭૦ |
| બાજરી | ૩૮૧ | ૪૪૮ |
| મકાઇ | ૩૭૦ | ૪૯૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૫૩૫ |
| ચણા પીળા | ૧૧૦૦ | ૧૧૭૦ |
| ચણા સફેદ | ૧૧૩૫ | ૧૮૩૦ |
| અડદ | ૧૪૦૦ | ૧૮૨૮ |
| મગ | ૧૨૧૧ | ૧૮૦૦ |
| વાલ દેશી | ૭૦૦ | ૧૧૦૦ |
| ચોળી | ૧૦૨૦ | ૧૭૪૦ |
| વટાણા | ૬૬૦ | ૧૦૦૦ |
| કળથી | ૩૫૧ | ૪૭૫ |
| રાજમા | ૧૦૦૦ | ૧૯૫૦ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૧૮૨૫ |
| મગફળી જાડી | ૧૧૫૦ | ૧૫૪૦ |
| મગફળી જીણી | ૧૧૮૦ | ૧૫૧૫ |
| તલી | ૧૭૦૦ | ૨૪૪૦ |
| સુરજમુખી | ૭૦૨ | ૧૨૫૦ |
| એરંડા | ૧૨૬૫ | ૧૪૧૯ |
| અજમો | ૧૭૦૦ | ૨૪૦૦ |
| સુવા | ૧૨૦૦ | ૧૬૦૦ |
| સોયાબીન | ૧૦૨૧ | ૧૪૦૦ |
| સીંગફાડા | ૧૪૦૦ | ૧૬૫૦ |
| કાળા તલ | ૨૨૦૦ | ૩૭૦૦ |
| લસણ | ૧૦૭૦ | ૨૪૩૦ |
| ધાણા | ૨૩૫૦ | ૨૮૦૦ |
| ધાણી | ૨૪૦૦ | ૨૯૬૬ |
| વરીયાળી | ૧૦૦૦ | ૨૩૬૮ |
| જીરૂ | ૩૬૫૦ | ૪૧૫૧ |
| રાય | ૧૩૦૦ | ૧૬૯૦ |
| મેથી | ૯૫૦ | ૧૫૫૦ |
| ઇસબગુલ | ૧૦૮૦ | ૧૮૦૦ |
| કલોંજી | ૩૨૫૦ | ૩૫૬૦ |
| રાયડો | ૧૧૫૦ | ૧૩૮૦ |
| રજકાનું બી | ૭૮૦૦ | ૧૦૨૦૦ |
| ગુવારનું બી | ૧૦૫૦ | ૧૧૩૫ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૩૫૫ | ૫૬૬ |
| લીંબુ | ૫૮૦ | ૧૧૫૬ |
| પપૈયા | ૯૦ | ૧૭૬ |
| બટેટા | ૮૭ | ૨૯૪ |
| ડુંગળી સુકી | ૧૬૦ | ૪૪૧ |
| ટમેટા | ૪૨૪ | ૮૮૦ |
| સુરણ | ૮૩૫ | ૧૦૩૮ |
| કોથમરી | ૮૭૫ | ૧૩૫૪ |
| રીંગણા | ૨૨૧ | ૫૦૨ |
| કોબીજ | ૧૭૩ | ૩૮૮ |
| ફ્લાવર | ૨૬૫ | ૪૯૮ |
| ભીંડો | ૩૩૩ | ૭૦૫ |
| ગુવાર | ૭૧૫ | ૧૩૮૪ |
| ચોળાસીંગ | ૮૯૫ | ૧૪૪૯ |
| ટીંડોળા | ૩૭૨ | ૮૧૧ |
| દુધી | ૧૬૨ | ૩૧૫ |
| કારેલા | ૩૮૫ | ૬૯૨ |
| સરગવો | ૫૨૧ | ૯૬૬ |
| તુરીયા | ૪૮૯ | ૭૫૩ |
| પરવર | ૫૦૩ | ૮૧૧ |
| કાકડી | ૩૫૪ | ૯૩૯ |
| ગાજર | ૩૧૧ | ૫૨૫ |
| વટાણા | ૧૩૧૪ | ૧૭૨૮ |
| ગલકા | ૩૧૧ | ૫૪૧ |
| બીટ | ૨૫૪ | ૪૬૪ |
| મેથી | ૧૨૧૧ | ૧૬૨૬ |
| ડુંગળી લીલી | ૧૦૨૫ | ૧૧૮૬ |
| આદુ | ૨૦૨૬ | ૨૫૩૮ |
| મરચા લીલા | ૮૩૩ | ૧૦૮૫ |
| મકાઇ લીલી | ૩૦૫ | ૫૧૮ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૫૧ | ૧૮૩૧ |
| ઘઉં લોકવન | ૪૭૬ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૫૬ | ૫૭૦ |
| મગફળી જીણી | ૧૧૭૧ | ૧૫૨૬ |
| સિંગદાણા જાડા | ૧૫૦૧ | ૧૯૫૧ |
| સિંગ ફાડીયા | ૧૨૦૧ | ૧૭૦૧ |
| એરંડા / એરંડી | ૧૨૫૧ | ૧૪૦૬ |
| જીરૂ | ૨૦૦૦ | ૪૧૮૧ |
| કલંજી | ૧૬૦૧ | ૩૪૯૧ |
| ધાણા | ૧૭૦૧ | ૨૯૦૧ |
| લસણ સુકું | ૧૦૫૧ | ૨૧૦૧ |
| ડુંગળી લાલ | ૧૧૧ | ૪૧૬ |
| અડદ | ૭૦૧ | ૧૮૪૧ |
| મઠ | ૭૨૬ | ૭૨૬ |
| તુવેર | ૧૧૦૧ | ૧૫૦૧ |
| રાયડો | ૧૨૮૧ | ૧૩૨૧ |
| રાય | ૭૦૦ | ૧૬૦૧ |
| મેથી | ૯૨૨૬ | ૧૪૬૧ |
| સુવાદાણા | ૧૧૭૬ | ૧૧૭૬ |
| કાંગ | ૫૩૧ | ૫૭૧ |
| ગુવાર બી | ૩૫૧ | ૩૫૧ |
| મગફળી જાડી | ૧૧૨૧ | ૧૫૨૧ |
| સફેદ ચણા | ૧૦૩૧ | ૧૮૨૧ |
| તલ - તલી | ૧૮૫૧ | ૨૫૭૧ |
| ધાણી | ૧૮૦૧ | ૩૧૨૬ |
| ડુંગળી સફેદ | ૧૯૮ | ૨૫૨ |
| બાજરો | ૨૫૧ | ૪૦૧ |
| જુવાર | ૫૦૧ | ૧૦૮૧ |
| મકાઇ | ૩૦૦ | ૪૨૧ |
| મગ | ૧૦૨૧ | ૧૮૨૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૧૭૧ |
| વાલ | ૫૫૧ | ૯૩૧ |
| ચોળા / ચોળી | ૭૨૧ | ૧૫૨૧ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૫૭૬ |
| અજમાં | ૨૦૭૬ | ૨૧૦૧ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૩૧ |
| વટાણા | ૩૦૦ | ૭૯૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૨૦૦ | ૯૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૩૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૬૦૦ |
| કોબી | ૧૮૦ | ૬૦૦ |
| દુધી | ૨૦૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૧૩૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૪૦૦ |
| રીંગણા | ૨૦ | ૬૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૨૦૦ | ૬૦૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૧૮૦ | ૭૦૦ |
| વટાણા | ૧૪૦૦ | ૨૬૦૦ |
| શક્કરીયા | ૩૮૦ | ૫૦૦ |
| કેરી કાચી | ૩૮૦ | ૮૦૦ |
| બટેટા | ૧૮૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૮ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૫ | ૧૩ |
| કોથમીર પુરા | ૬ | ૮ |
| ફુદીનો પુરા | ૨ | ૫ |
| આંબલી | ૩૬૦ | ૪૨૦ |
| કાચા કેળા | ૧૫૦ | ૩૦૦ |
| ચ્રૂણ | ૮૦૦ | ૧૦૦૦ |
| parvar | ૮૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૮૦૦ |
| મેથી પુરા | ૫ | ૨૦ |
| બીટ પુરા | ૧૦ | ૨૫ |
| સરગવો પુરા | ૧૦ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૧૫૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૦૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૨૦૦ | ૨૮૦૦ |
| ફણશી | ૧૬૦૦ | ૨૪૦૦ |
| મકાઈ ડોડા | ૧૪૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૩ | ૭ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૧૨૫૦ | ૧૫૨૫ |
| શિંગ મોટી | ૧૦૦૦ | ૧૫૭૫ |
| શિંગ દાણા | ૧૫૬૫ | ૧૯૫૦ |
| શિંગ દાણા ફાડા | ૧૫૦૦ | ૧૭૧૫ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૫૯૫ |
| કાળા તલ | ૨૧૧૦ | ૩૬૫૦ |
| તલ કાશમીરી | ૨૨૦૦ | ૨૩૭૫ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૪૦ |
| ઘઉં લોકવન | ૪૧૦ | ૫૧૫ |
| ચણા | ૮૪૦ | ૧૧૫૫ |
| સફેદ ચણા | ૯૦૦ | ૧૧૮૦ |
| છોલે ચણા | ૧૧૭૦ | ૧૧૭૦ |
| તુવેર | ૯૩૦ | ૧૪૮૦ |
| કપાસ | ૯૩૦ | ૧૯૨૫ |
| એરંડા | ૧૦૪૦ | ૧૩૪૫ |
| જીરુ | ૨૩૦૦ | ૪૦૦૫ |
| ધાણી | ૨૧૦૦ | ૨૮૦૦ |
| અજમાં | ૨૩૨૫ | ૨૩૨૫ |
| સોયાબીન | ૧૨૯૫ | ૧૩૩૫ |
| કાંગ | ૩૦૦ | ૩૦૦ |
| સૂર્યમુખી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| અડદ | ૧૩૦૦ | ૧૫૮૫ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૧૭૦ | ૨૭૦ |
| રીંગણા | ૨૦૦ | ૫૧૦ |
| ફ્લાવર | ૮૦૦ | ૯૦૦ |
| કોબીજ | ૪૦૦ | ૫૦૦ |
| શક્કરીયા | ૬૦૦ | ૭૦૦ |
| ટમેટાં | ૮૫૦ | ૧૦૨૦ |
| સુરણ | ૮૩૦ | ૯૨૦ |
| ગાજર | ૫૫૦ | ૬૦૦ |
| દુધી | ૨૫૦ | ૩૦૦ |
| કારેલા | ૫૦૦ | ૬૨૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| કાકડી | ૫૩૦ | ૬૩૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૮૦૦ |
| વટાણા | ૨૫૫૦ | ૨૬૦૦ |
| ચોળા લીલા | ૧૩૦૦ | ૧૪૦૦ |
| તુરીયા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ભીંડો | ૭૦૦ | ૮૦૦ |
| આદુ | ૨૪૦૦ | ૨૬૦૦ |
| કોથમીર | ૧૦૦૦ | ૧૭૦૦ |
| મેથીભાજી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ફુદીનો | ૪૫૦ | ૫૫૦ |
| ટીંડોરા | ૫૫૦ | ૬૨૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| સરગવો | ૬૦૦ | ૮૦૦ |
| લીમડો મીઠો | ૧૬૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૭૦૦ | ૧૩૦૦ |
| ડુંગળી સુકી | ૨૪૦ | ૫૦૦ |
| લસણ સુકું | ૧૧૦૦ | ૨૧૦૦ |
| પાલક | ૬૨૦ | ૭૨૦ |
| લીંબુ | ૪૦૦ | ૮૦૦ |
| મકાઈ | ૩૨૦ | ૪૦૦ |
| કાચી કેરી | ૧૦૦૦ | ૨૦૦૦ |
| પાકી કેરી | ૮૦૦ | ૧૮૦૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૪૦૫ | ૧૪૫૬ |
| શીંગ મોટી | ૧૪૦૦ | ૧૪૪૦ |
| તલ કાળા | ૨૭૫૦ | ૩૬૦૦ |
| કપાસ | ૧૫૦૦ | ૧૮૩૦ |
| ઘઉં લોકવન | ૪૨૧ | ૪૮૬ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૧૫ |
| બાજરો | ૩૩૦ | ૫૨૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૫૦ |
| દેશી ચણા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૩૮૦ |
| એરંડી | ૧૨૦૦ | ૧૩૭૧ |
| ધાણા | ૧૫૦૦ | ૨૮૫૧ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૪૧૧ |
| શીંગ દાણા | ૧૯૦૦ | ૧૯૭૫ |
| જુવાર | ૭૦૦ | ૧૦૫૧ |
| મકાઈ | --- | ૪૧૧ |
| મેથી | ૧૦૫૦ | ૧૩૩૦ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૬૦૦ | ૧૭૬૦ |
| કપાસ મીડી. | ૧૪૮૦ | ૧૫૯૦ |
| મગફળી | ૧૨૨૦ | ૧૩૫૦ |
| જીરૂ | ૩૦૩૦ | ૩૯૯૦ |
| ચણા | ૧૧૩૦ | ૧૧૬૦ |
| ઘઉં | ૪૬૫ | ૫૦૫ |
| એરંડા | ૧૦૩૫ | ૧૨૦૫ |
| તુવેર | ૧૧૭૦ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૧૫૮૫ | ૨૩૯૫ |
| તલ કાળા | ૩૦૮૫૦ | ૩૪૯૦ |

**બગસરા**

| | | |
|---|---|---|
| મગફળી | ૮૦૦ | ૧૧૨૫ |
| ઘઉં લોકવન | ૪૨૦ | ૪૭૩ |
| મેથી | ૧૨૦૫ | ૧૨૫૦ |
| ઘઉં ટુકડા | ૪૦૩ | ૫૦૪ |
| તુવેર | ૯૫૦ | ૯૫૦ |
| ચણા | ૯૨૫ | ૧૧૪૧ |
| એરંડી | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ધાણા | ૨૨૭૦ | ૨૮૩૫ |
| ચણા સોલે | ૧૪૫૦ | ૧૪૫૦ |
| શીંગદાણા | ૧૭૦૫ | ૧૮૦૫ |
| સોયાબીન | ૧૨૯૫ | ૧૪૪૪ |
| તલ સફેદ | ૨૦૨૦ | ૨૦૨૦ |
| મગ | ૧૪૫૫ | ૧૬૭૬ |
| બાજરો | ૪૪૦ | ૪૪૦ |
| શીંગફાડા | ૧૫૦૦ | ૧૬૦૦ |
| અડદ | ૧૫૦૫ | ૧૫૪૪ |

**ધારી**

| | | |
|---|---|---|
| મગફળી | ૧૦૦૦ | ૧૧૬૫ |
| ઘઉં લોકવન | ૪૨૧ | ૪૬૬ |
| ચણા | ૯૯૧ | ૧૧૩૦ |
| તુવેર | ૧૦૪૦ | ૧૫૦૧ |
| ધાણા | ૨૬૯૦ | ૩૦૦૦ |
| મગ | ૧૧૪૦ | ૧૫૮૬ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૩૪૦ |
| બાજરો | ૪૫૦ | ૪૫૫ |
| કલોંજી | ૨૦૦૦ | ૩૧૦૦ |
| શીંગદાણા | ૧૪૮૦ | ૧૭૯૦ |
| શીંગફાડા | ૧૩૦૫ | ૧૫૦૦ |
| એરંડા | ૧૧૧૫ | ૧૩૧૯ |
| જીરૂ | ૩૬૫૦ | ૩૬૫૦ |
| સોયાબીન | ૧૩૫૧ | ૧૩૫૧ |

**મહુવા**

| | | |
|---|---|---|
| જુવાર | ૪૨૨ | ૧૦૧૮ |
| બાજરી | ૩૬૦ | ૫૧૧ |
| ઘઉં ટુકડા | ૪૫૧ | ૫૩૩ |
| મેથી | ૧૨૪૮ | ૧૨૪૮ |
| ચણા | ૯૨૦ | ૧૧૪૮ |
| તુવેર | ૧૨૩૦ | ૧૨૩૦ |
| ડુંગળી લાલ | ૭૦ | ૫૭૮ |
| ડુંગળી સફેદ | ૧૭૫ | ૪૨૧ |
| તુવેર | ૧૨૩૦ | ૧૨૩૦ |
| રાય | ૧૨૬૫ | ૧૨૬૫ |
| મગ | ૧૪૦૦ | ૧૭૪૧ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૧૧૦૦ | ૧૨૫૦ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૫૨૬ |
| તલ કાળ | ૨૫૦૦ | ૩૬૫૧ |
| કપાસ | ૧૫૦૦ | ૧૭૭૯ |
| બાજરો | ૩૮૦ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૩૭ | ૫૧૧ |
| જુવાર | ૫૫૪ | ૧૧૮૧ |
| મગ | ૧૬૦૧ | ૧૬૪૯ |
| અડદ | ૧૫૨૬ | ૧૭૨૬ |
| તુવેર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૮૭૧ | ૧૧૩૨ |
| સોયાબીન | ૮૫૧ | ૧૧૩૨ |
| રાય | ૧૫૦૧ | ૧૫૫૦ |
| અજમા | ૧૭૦૦ | ૧૯૦૦ |
| શીગદાણા | ૧૪૭૫ | ૧૭૬૧ |

**જામનગર**

| | | |
|---|---|---|
| જુવાર | ૯૪૦ | ૧૦૮૫ |
| બાજરો | ૩૬૦ | ૫૨૫ |
| ઘઉં | ૩૫૦ | ૫૦૦ |
| અડદ | ૧૫૦૦ | ૧૭૨૫ |
| તુવેર | ૮૦૦ | ૧૪૫૦ |
| ચણા | ૮૦૦ | ૧૧૫૭ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૫૦૦ |
| મગફળી જાડી | ૧૦૫૦ | ૧૪૭૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૩૫૦ |
| રાય | ૧૨૦૦ | ૧૬૧૫ |
| લસણ | ૮૦૦ | ૨૨૭૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૨૫૦ |
| અજમો | ૧૬૦૦ | ૩૪૦૦ |
| અમજમાની ભૂસી | ૬૦ | ૨૬૯૦ |
| ધાણા | ૧૩૯૦ | ૨૮૬૫ |
| ડુંગળીસુકી | ૧૦૦ | ૩૬૦ |
| વટાણા | ૫૦૦ | ૭૮૫ |
| તલ કાળા | ૧૮૦૦ | ૩૪૨૫ |
| તલ | ૧૪૦૦ | ૨૪૯૦ |
| એરંડા | ૧૧૨૦ | ૧૩૬૬ |
| મેથી | ૧૦૩૫ | ૧૨૮૫ |
| મકાઇ | ૩૫૦ | ૪૦૦ |
| ચોળી | ૧૦૧૦ | ૧૬૫૦ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૮૯૬ |
| ઘઉં | ૪૦૧ | ૪૭૬ |
| જુવાર | ૩૦૦ | ૩૦૦ |
| મગ | ૯૦૧ | ૧૫૭૬ |
| ચણા | ૮૫૧ | ૧૧૬૬ |
| ચોળી | ૧૦૨૧ | ૧૦૨૧ |
| તુવેર | ૭૫૧ | ૧૪૫૬ |
| મગફળી | ૭૦૧ | ૧૨૦૧ |
| શિંગદાણા | ૧૩૦૧ | ૨૦૦૦ |
| શિંગફાડા | ૧૨૦૧ | ૧૬૧૧ |
| એરંડા | ૯૫૦ | ૯૫૦ |
| તલ સફેદ | ૧૧૦૧ | ૨૩૫૬ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૧૯૬ |
| જીરૂ | ૩૪૯૬ | ૩૪૯૬ |
| ધાણા | ૧૫૦૧ | ૨૮૦૧ |
| સોયાબીન | ૯૦૧ | ૧૪૪૬ |

**કોડીનાર**


| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૦૧૦ | ૧૬૨૮ |
| મગફળી નવી | ૧૧૧૧ | ૧૫૨૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૦ | ૫૦૨ |
| ઘઉં | ૪૨૫ | ૫૨૫ |
| રાઈ | ૧૩૦૦ | ૧૫૫૦ |
| મેથી | ૯૦૦ | ૧૨૩૦ |
| જુવાર | ૮૦૦ | ૧૦૭૦ |
| ચોળી | ૮૦૦ | ૧૫૦૦ |
| અડદ | ૧૮૦૦ | ૧૮૭૭ |
| મગ | ૧૪૦૦ | ૧૮૫૮ |
| એરડી | ૧૧૫૦ | ૧૩૩૦ |
| ચણા | ૧૦૨૫ | ૧૧૩૯ |
| સફેદ તલ | ૨૦૫૦ | ૨૪૭૨ |
| કાળા તલ | ૨૨૦૦ | ૩૬૦૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૪૦૦ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૨૩૩૪ |
| રજકો | ૪૦૦૦ | ૮૮૦૦ |





લાગે તો તીર :-તમે તો ભાઈ ભારે ઉતાવળા.


# રામમંદિરમાં ચોરી, હિંદુઓ કેમ ચૂપ ?



રામ મંદિર મેં ચોરી ? સાંભળીને જ આઘાત લાગી જાય પણ નયા ભારતમાં સબ કુછ હો સકતા હૈ એ જોતાં રામમંદિરમાં દાનની ચોરીની ઘટના આક્ષેપજનક નથી. બલ્કે રામમંદિરના વહીવટમાં ભ્રષ્ટાચાર ચાલતો હોવાના આક્ષેપો તો લાંબા સમયથી થયા જ કરે છે. આ વખતે ભાજપ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના નેતાઓએ પણ આક્ષેપ કરતાં ઉત્તર પ્રદેશ સરકારે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) બનાવવી પડી. એસઆઈટીના દરોડામાં રામમંદિરને મળતી દાનની રકમની ગણતરી કરનારાં પાસેથી લાખો રૂપિયાની બિનહિસાબી રકમ મળી આવતાં ચોરી થતી હોવાની વાત સાચી હોવાનું લાગી રહ્યું છે.

સમાજવાદી પાર્ટી સરકારમાં મંત્રી રહેલા પવન પાંડેએ દાવો કરેલો કે, રામ મંદિરના દાનમાંથી લગભગ સાડા સાત કરોડ રૂપિયાની ચોરી કરવામાં આવી છે. એ પછી સમાજવાદી પાર્ટીના નેતાઓએ ૨૦૦ કરોડની ચોરીનો આક્ષેપ કર્યો પણ વિગતો બહાર આવી રહી છે એ જોતાં આ ચોરી બહુ મોટી હોય એવું બને.

■■■

ચોરીની ઘટનામાં અત્યારે મુખ્ય પાત્રો લવકુશ મિશ્રા અને અભિકલ્પ મિશ્રા છે.

મંદિરના કર્મચારી લવકુશ મિશ્રાના ઘરે દરોડામાં છાણાંમાં છૂપાવેલા ૧૦ લાખ રૂપિયા મળી આવ્યા જ્યારે તેના સાળા અનુકલ્પ મિશ્રાને ત્યાંથી પણ જંગી રકમ મળી. અનુકલ્પ અને લવકુશ બંને હાલ પોલીસ કસ્ટડીમાં છે. આ સિવાય પોલીસે મંદિરના મુખ્ય કારભારી ચંપત રાયના ડ્રાઈવર રામપ્રસાદ યાદવ ઉર્ફે ટિન્નુને ત્યાં પાડેલા દરોડામાં ૫૦ કરોડથી વધારેની સંપત્તિની વિગતો મળી છે. ૨૦૨૧ સુધી ટેમ્પો ચલાવતા ટિન્નુ પાસે ૫ વર્ષમાં આટલી જંદી સંપત્તિ ક્યાંથી આવી ગઈ એ સવાલ છે.

આ સિવાય બીજા પણ ઘણા સવાલો છે. એસઆઈટીને મંદિરને મળેલા દાનની ચોરીના આક્ષેપોની થોકબંધ અરજીઓ મળી છે. તેમાં રામ જન્મભૂમિ ચળવળના કાર્યકર સંતોષ દુબેએ આક્ષેપ મૂક્યો છે કે, રામ મંદિરમાંથી લગભગ ૧,૨૫૦ કિલો સોનું ઉપરાંત મોટા પ્રમાણમાં ચાંદી, હીરા જડિત અને અષ્ટધાતુ ઈંટો પણ ગુમ થઈ ગઈ છે. ભાજપ નેતા ડો. રજનીશ સિંહે વડા પ્રધાન મોદીને પત્ર લખીને જંગી રકમની ચોરી થઈ હોવાના આક્ષેપ કર્યા જ છે.

આ આક્ષેપોમાં ચંપત રાય કેન્દ્રસ્થાને છે. રામ જન્મભૂમિ ચળવળમાં મહત્વની ભૂમિકા ભજવનારા ભાજપના ભૂતપૂર્વ સાંસદ વિનય કટિયારે માંગ કરી છે કે, ચંપત રાયને વ્યક્તિગત રીતે જવાબદાર ઠેરવીને બરતરફ કરવામાં આવે. આમ આદમી પાર્ટીના સાંસદ સંજયસિંહે તો ચંપત રાયે ભૂતકાળમાં જમીન કૌભાંડ કર્યા હોવાનો આક્ષેપ પણ કર્યો છે. સિંહના આક્ષેપ પ્રમાણે, જૂન ૨૦૨૧ માં અયોધ્યામાં એક વ્યક્તિએ ૨ કરોડ રૂપિયામાં જમીન ખરીદી હતી. તેની થોડી મિનિટો પછી જ ટ્રસ્ટે રૂપિયા ૧૮.૫ કરોડમાં આ જમીન ખરીદીને મોટું કૌભાંડ કર્યું હતું. એ જ રીતે શાહનવાઝપુર માઝા ગામમાં ટ્રસ્ટે ૧૪,૭૩૦ ચોરસ મીટર જમીન ખરીદી તેના માટે ૫૫ કરોડથી વધારે રકમ ચૂકવી હતી જ્યારે તેની વાસ્તવિક કિંમત ૯ કરોડ જ છે. જમીન વેચનારો બંસલ પરિવાર છે ને ચંપત રાય પણ બંસલ હોવાથી રાયે પોતાનાં સગાંને ફાયદો કરાવ્યાના આક્ષેપ થઈ રહ્યા છે. બીજા પણ આક્ષેપ થઈ રહ્યા હોવાછી ચંપત રાય ચક્ચાના ચગડોળે ચડી ગયા છે.




બ્રેકિંગ પોઈન્ટ
નેહા શર્મા


■■■

ચંપત રાય કોણ છે ?

રામમંદિરમાં ચોરીની ઘટનામાં શંકાની સોય ચંપત રાય સામે તણાઈ રહી છે કેમ કે ચંપત રાયનો ડ્રાઈવર રામશંકર યાદવ ઉર્ફે ટિન્નુ સકંજામાં આવી ગયો છે. વિશ્વ હિન્દુ પરિષદના ઉપપ્રમુખ અને હાલમાં શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રના મહામંત્રી ચંપત રાય બંસલ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)માંથી આવે છે. ૧૯૪૬માં ઉત્તર પ્રદેશના બિજનૌર જિલ્લાના નગીનામાં જન્મેલા ચંપત રાયે ભૌતિકશાસ્ત્રમાં માસ્ટર્સ કરેલું છે. ધામપુરની આર.એસ.એમ ડિગ્રી કોલેજમાં ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર તરીકે કામ કરી ચૂકેલા રાયે જૈન ફિલસૂફી પર અનેક પુસ્તકો પણ લખ્યાં છે.

ચંપત રાય પછીથી નોકરી છોડીને સંઘના પૂર્ણ સમયના પ્રચારક બની ગયા તેથી લગ્ન કર્યા નથી. ૧૯૭૫માં કટોકટી વખતે ચંપત રાય ૧૮ મહિના જેલમાં રહ્યા હોવાનું કહેવાય છે. જેલમાંથી છૂટ્યા પછી રાય વિશ્વ હિંદુ પરિષદમાં સક્રિય બન્યા. રામમંદિરના કાનૂની ખટલા વખતે ચંપત રાય વિશ્વ હિંદુ પરિષદ વતી તમામ રેકોર્ડ રાખતા અને હિંદુઓ વતી કેસ લડતા વકીલોને આ રેકોર્ડ પૂરા પાડતા હતા. તેના કારણે રામમંદિર ચળવળમાં એ મહત્વના પાત્ર તરીકે ઉભર્યા.

૨૦૨૧માં કાનૂની લડતના અંતે રામ જન્મભૂમિ હિંદુઓની હોવાનો ચુકાદો આવ્યો પછી સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર, કેન્દ્ર સરકારે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની રચના કરીને ટ્રસ્ટમાં ૧૫ સભ્યોની નિમણૂક કરી. આ ટ્રસ્ટમાં મહંત નૃત્ય ગોપાલ દાસ પ્રમુખ, સ્વામી ગોવિંદ દેવ ગિરી ખજાનચી, વરિષ્ઠ વકીલ કે. પરાશરન, ડૉ. અનિલ મિશ્રા, કામેશ્વર ચૌપાલ અને મહંત દિનેન્દ્ર દાસ સહિત ઘણા ધાર્મિક અને સામાજિક આગેવાનો હતા પણ સૌથી વધારે મહત્વ ચંપત રાયને મળ્યું કેમ કે ચંપત રાયને મહામંત્રી બનાવીને રોજબરોજની કામગીરીનો કાર્યભાર સોંપાયો હતો.

ચંપચ રાય પાસે મંદિરની તમામ આર્થિક બાબતોનો વહીવટ છે. મંદિર નિર્માણ પ્રોજેક્ટની દેખરેખ, દાન અને પ્રસાદનું સંચાલન વગેરે આર્થિક બાબતો રાય જુએ છે. ટ્રસ્ટ વતી સત્તાવાર વ્યવહાર સંભાળવા, બેઠકોનું સંકલન અને વિવિધ એજન્સીઓ સાથે સંપર્ક સાધવાની પ્રાથમિક જવાબદારી પણ રાય પાસે હોવાથી રામ મંદિર અંગે મોટી જાહેરાતો રાય જ કરે છે.

■■■

ચંપત રાય કેમ શંકાના દાયરામાં છે ?

ચંપત રાય બે કારણસર શંકાના દાયરામાં છે. પહેલું કારણ તેમનો ડ્રાઈવર રામપ્રસાદ યાદવ ઉર્ફે ટિન્નુ છે. બીજું કારણ ભાજપ અને સંઘના નેતાઓએ કરેલા આક્ષેપો છે. ફેબ્રુઆરી ૨૦૨૧ થી જુલાઈ ૨૦૨૨ સુધી રામ મંદિરના એકાઉન્ટ ઓફિસર રહેલા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવક મહિપાલસિંહે આક્ષેપ કર્યો છે કે, મંદિરમાં ૨૦૨૧થી ચોરી થઈ રહી છે અને દાનમાં આવતા સોના-ચાંદીનો કોઈ લેખિત રેકોર્ડ રાખવામાં આવતો નથી. મંદિરને મળતા સોના-ચાંદી સહિતના ધાતુના દાનના ફોટો લઈને આ ચીજો ચંપત રાયને મોકલી દેવાતી હતી. ટિન્નુ આવીને બધું લઈ જતો પછી બધું ક્યાં જતું તેની કોઈને ખબર નથી.

દાનની રોકડ રકમ બેંકમાં જમા કરાવવા રામશંકર યાદવ જ જતો. દરરોજ કેટલી રકમ આપી તેનો રેકોર્ડ રાખવા રોકડ લેવા આવે ત્યારે વાઉચર પર ટિન્નુની સહી લેવાની સિસ્ટમ શરૂ કરાવેલી પણ રાયે એ પ્રથા બંધ કરાવી દીધી હતી. મહિપાલ સિંહનો દાવો છે કે, મંદિરમાં ચોરી રોજ થતી અને મેં પોતે ચોરી પકડી હતી. ચોરીની ફરિયાદ ચંપત રાય અને સભ્ય ગોપાલજીને કરતાં જ બીજા જ દિવસે ચંપત રાયે મને હટાવી દીધો હતો. મહિપાલસિંહે ચોરીમાં બીજા પદાધિકારીઓ સામેલ હોવાનો આક્ષેપ પણ કર્યો છે.

ઉત્તર પ્રદેશ સરકારે ટિન્નુને ત્યાં પાડેલા દરોડામાં ૫૦ કરોડની સંપત્તિ હોવાનું બહાર આવ્યું છે. ચંપત રાયનો ડ્રાઈવર ટૂંકા ગાળામાં આટલો ધનિક કઈ રીતે બની ગયો એ સવાલ થઈ જ રહ્યો છે. સાથે સાથે ચંપત રાયના આશિર્વાદથી આખો ખેલ ચાલતો હોવાની આશંકા પણ વ્યક્ત થઈ રહી છે.

■■■

હિંદુઓ કેમ ચૂપ છે ?

રામમંદિરના દાનની ચોરી કરનારાંને શું થશે એ ખબર નથી પણ આ મુદ્દે હિંદુઓની ચૂપકીદી ખટકે છે. ભગવાન શ્રી રામ હિંદુઓના આરાધ્ય છે તેથી લોકો શ્રધ્ધાથી ભગવાન શ્રી રામના મંદિરમાં યથાશક્તિ દાન કરે છે. એક રૂપિયાના સિક્કાથી માંડીને એક કરોડ રૂપિયાના હીરાજડિત સોનાના મુગટ સુધીનો ચઢાવો શ્રધ્ધાળુઓએ ભગવાન શ્રી રામના ચરણોમાં મૂક્યો છે.

આ રકમ મંદિરનો કારભાર કરતા ચોરો ચાઉં કરી ગયા એ જોઈને હિંદુઓનું લોહી નથી ઉકળતું એ જોઈને આઘાત લાગે છે. ભાજપ અને સંઘના કેટલાક નેતાઓએ આ ચોરી સામે અવાજ ઉઠાવ્યો છે. તેમને સલામ કરવી જોઈએ પણ ભાજપના બહુમતી નેતા અને હિંદુવાદી સંગઠનો બિલકુલ મૌન છે.

શ્રધ્ધાળુઓએ શ્રધ્ધાથી ચડાવેલી રકમ ચોરનારા લોકોને સજા કરાવવા માટે અત્યંત પ્રચંડ અવાજ ઉઠવો જોઈએ તેના બદલે હિંદુઓ સાવ કાયરની જેમ બેસી રહ્યા છે એ આઘાતજનક કહેવાય. ■



sanjogpurti@gmail.com


# મહાન વિજેતા સિકંદરની બહેનોઃ કરુણ અને સંઘર્ષપૂર્ણ ઈતિહાસ



વિશ્વવિજેતા સિકંદરના જીવનના તેજસ્વી પૃષ્ઠોમાં તેની બહેનોના નામ એક ગૌણ નોંધ તરીકે રહી ગયા છે, પરંતુ જો ઈતિહાસના ઊંડાણમાં ઉતરીને જોઈએ તો તે સમજાશે કે આ સ્ત્રીઓ સિકંદરના સામ્રાજ્યની માત્ર પડછાયા સમાન નહોતી, પરંતુ પોતે પણ સત્તાના અખાડામાં એક મજબૂત ખેલાડી હતી. સિકંદરને મુખ્યત્વે ત્રણ બહેનો હતી.ક્લિયોપેટ્રા, સાઈનેન અને થેસાલોનિક. આ ત્રણેયનું જીવન સિકંદરના મૃત્યુ પછીની સત્તાની ભૂખ અને કાવતરાંઓ વચ્ચે પીસાયેલું રહ્યું હતું. મેસેડોનિયાના રાજવી પરિવારમાં જન્મેલી આ સ્ત્રીઓને માત્ર રાજકુમારીઓ તરીકે જોવી એ ભૂલ છે; તે સમયની રાજકીય સ્થિતિમાં તેઓ એટલી પ્રભાવશાળી હતી કે સિકંદરના તમામ શક્તિશાળી સેનાપતિઓ સત્તા મેળવવા માટે તેમની સાથે લગ્ન કરવા અથવા તેમને પોતાના કબજામાં રાખવા માટે મરણિયા પ્રયત્નો કરતા હતા. ક્લિયોપેટ્રા, જે સિકંદરની એકમાત્ર સગી બહેન હતી, તેનું વ્યક્તિત્વ અત્યંત તેજસ્વી હતું અને તે મેસેડોનિયાના રાજકારણની ધરી સમાન હતી, જ્યારે સાઈનેન એક એવી યોધ્ધા હતી જેણે પુરુષપ્રધાન સમાજમાં પોતાની શૂરવીરતા સાબિત કરી હતી અને થેસાલોનિક, જે પોતાના પિતા ફિલિપ બીજાની છેલ્લી પત્નીની પુત્રી હતી, તે લોકકથાઓના માધ્યમથી ઈતિહાસના પાનાઓમાં અમર થઈ ગઈ હતી.

સિકંદરની સગી બહેન ક્લિયોપેટ્રાનું જીવન એક દુખદ અંતવાળી રાજકીય ગાથા જેવું હતું. સિકંદરના મૃત્યુ બાદ જ્યારે તેના સામ્રાજ્યના ટુકડા કરવાનું શરૂ થયું, ત્યારે ક્લિયોપેટ્રા એ એકમાત્ર કડી હતી જે સિકંદરના વંશ સાથેનો સીધો નાતો ધરાવતી હતી. કોઈપણ સેનાપતિ જો તેની સાથે લગ્ન કરે તો તે સિકંદરના વારસદાર તરીકે પોતાની સત્તાને વધુ કાયદેસર બનાવી શકે તેમ હતો. લિયોનેટસ, પરડિકાસ અને કેસ જેવા મોટા નામ ધરાવતા સેનાપતિઓએ ક્લિયોપેટ્રાના હાથ મેળવવા માટે પોતાની તમામ તાકાત લગાવી દીધી હતી. પરંતુ ક્લિયોપેટ્રા કોઈ કઠપૂતળી બનીને રહેવા માંગતી ન હતી. તે એક અત્યંત બુધ્ધિશાળી અને રાજકીય સૂઝબૂઝ ધરાવતી મહિલા હતી. તેણે પોતાની સત્તા અને સ્વતંત્રતા જાળવી રાખવા માટે અથાક પ્રયત્નો કર્યા. અંતે, સાર્ડિસના મહેલમાં તેને એન્ટિગોનસના કાવતરાનો ભોગ બનવું પડ્યું. એન્ટિગોનસને ડર હતો કે ક્લિયોપેટ્રા જો સત્તા મેળવશે તો તે તેના સામ્રાજ્ય માટે મોટો ખતરો સાબિત થશે. એક અત્યંત ક્રૂર રાજકીય નિર્ણય દ્વારા, ઈ.સ. પૂર્વે ૩૦૮ માં તેની હત્યા કરવામાં આવી અને તેની સાથે જ સિકંદરના પરિવારનો એક સક્રિય અને જીવંત અવાજ શાંત થઈ ગયો.




ધીસ ઇઝ ધેટ
નારન બારૈયા


સાઈનેનનું જીવન ક્લિયોપેટ્રા કરતાં સાવ અલગ અને રોમાંચક હતું. તે સિકંદરની સાવકી બહેન હતી, પણ સ્વભાવે તે સિકંદર જેવી જ લડાયક હતી. તેને નાનપણથી જ શસ્ત્રવિદ્યા અને યુધ્ધકળાની તાલીમ આપવામાં આવી હતી. ઈતિહાસમાં એવી બહુ ઓછી સ્ત્રીઓ છે જેમણે જાતે રણમેદાનમાં ઉતરીને દુશ્મનોને પરાસ્ત કર્યા હોય, અને સાઈનેન તેમાંથી એક હતી. તેણે પોતાની પુત્રી એડિઆ યુરિડિસને પણ આ જ રીતે ઉછેરી હતી. સિકંદરના મૃત્યુ પછી જ્યારે મેસેડોનિયામાં અંધાધૂંધી વ્યાપી ગઈ ત્યારે સાઈનેન એકલી જ પોતાની સેના લઈને નીકળી પડી હતી. તે ઈચ્છતી હતી કે તેનો પરિવાર સત્તા ગુમાવે નહીં. તેણે એશિયા માઈનરમાં પોતાની સેના સાથે અભિયાન શરૂ કર્યું હતું, જે તેના કદના કોઈપણ પુરુષ સેનાપતિ માટે પણ મુશ્કેલ હતું. પરંતુ રાજકારણના વહેણમાં તેને પણ વિશ્વાસઘાતનો સામનો કરવો પડ્યો. તેના પોતાના જ ભાઈ કેસરે, જે તેને એક અવરોધ માનતો હતો, તેની હત્યા કરાવી નાખી. સાઈનેનનું મૃત્યુ એ દર્શાવે છે કે સિકંદરના ઉત્તરાધિકારીઓ સત્તા મેળવવા માટે પોતાના જ લોહીના સંબંધોને ખતમ કરવામાં પણ જરાય અચકાતા ન હતા. ત્રીજી બહેન થેસાલોનિકનું નામ ઈતિહાસના પાનાઓમાંથી નીકળીને દંતકથાઓની દુનિયામાં પ્રવેશ્યું છે. તે પણ ફિલિપ બીજાની પુત્રી હતી અને તેનું નામ જ એક શહેરને આપવામાં આવ્યું હતું થેસાલોનિકા. તેના જીવનનો ઉત્તરાર્ધ એ એક કરુણતા છે કે જેને લોકવાયકાઓમાં જળપરીના રૂપમાં કંડારવામાં આવી છે. ગ્રીક સંસ્કૃતિમાં આજે પણ એક માન્યતા પ્રચલિત છે કે થેસાલોનિક સમુદ્રમાં એક જળપરી બનીને રહે છે. લોકકથા કહે છે કે તે દરિયામાંથી પસાર થતા નાવિકોને સિકંદર વિશે પ્રશ્નો પૂછતી. આ વાર્તા હકીકતમાં તે સમયના ગ્રીક લોકોની સિકંદર પ્રત્યેની ગાઢ આસ્થા અને તેમના પરિવાર પ્રત્યેની સંવેદનાનું પ્રતીક છે. થેસાલોનિકનું મૃત્યુ પણ તેના પોતાના પુત્ર દ્વારા થયું હતું, જે સત્તાની લડાઈમાં એટલો અંધ થઈ ગયો હતો કે તેણે પોતાની માતાને પણ જીવતી ન રાખી. આમ, સિકંદરની આ ત્રણેય બહેનો એક રાજનીતિના કાવતરામાં, બીજી રણમેદાનમાં અને ત્રીજી લોકકથાના સમુદ્રમાં પોતાનો સંઘર્ષ લડતી રહી અને અંતે સત્તાના સંઘર્ષનું બલિદાન બની. સિકંદરના પરિવારની આ બહેનોનો ઈતિહાસ આપણને એક કડવું સત્ય શીખવે છેઃ સત્તા જ્યારે અંધ અને અનિયંત્રિત હોય, ત્યારે તે પોતાના સૌથી નજીકના લોહીના સંબંધોને પણ ઓળખતી નથી. સિકંદરના મૃત્યુ પછી તેના સેનાપતિઓ વચ્ચે જે જંગ જામ્યો હતો, તેમાં સિકંદરનું નામ અને તેનો પરિવાર માત્ર એક સાધન બની ગયા હતા. ક્લિયોપેટ્રાની બુધ્ધિ, સાઈનેનની તલવાર અને થેસાલોનિકનું નસીબ આ ત્રણેય પાસાઓ સિકંદરના સામ્રાજ્યના વૈભવ અને તેની પાછળ રહેલી કાળી વાસ્તવિકતાને ઉજાગર કરે છે. સિકંદર પછીના ઈતિહાસમાં આ બહેનો ક્યાંય ખોવાઈ ગઈ હોત, પરંતુ તેમની જીવનકથા એ વાતની સાક્ષી છે કે મહાન સામ્રાજ્યના નિર્માણમાં જેમના રક્ત અને સંઘર્ષનું યોગદાન હોય છે, ઘણીવાર તેમને જ ઈતિહાસમાં યોગ્ય સ્થાન મળતું નથી. આજે જ્યારે આપણે સિકંદરની વાત કરીએ છીએ, ત્યારે તેની આ બહેનોનો સંઘર્ષ આપણને એ યાદ અપાવે છે કે એક વિજેતાના પરિવારમાં જન્મ લેવો એ માત્ર ગૌરવની વાત નથી, પરંતુ તે અસુરક્ષા અને સતત જોખમની એક કિંમત પણ છે જે દરેક રાજકુમારે કે રાજકુમારીએ ચૂકવવી પડે છે.


naranbaraiya277@gmail.com


# અહમ પતનનો માર્ગ છે..



સમાજમાં મોટાભાગના ઝઘડાનો અને વેર ઝેરનું મુખ્ય કારણ અહમ હોય છે.અહમના ભ્રમથી ભવિષ્યની થતી અસરો અને તેના પરિણામની આજના માનવીને કોઈ પડી નથી. હું સર્વશ્રેષ્ઠ જ છું,બધાથી વિશેષ છું.બાહ્ય આડંબર થકી અહમના માર્ગે પાવરમાં રહેનારા માણસો એક દિવસ ખખડધજ બિલ્ડીંગની જેમ ઢળી પડે છે.ગુમાનમાં ઘરની બરબાદી થાય છે. મનુષ્યએ માનવતાના કેટલાક નૈતિક મૂલ્યો થકી જીવન જીવવું જોઈએ. પૈસાનો, રૂપનો અને હું જ કંઈક છું તેજ ભ્રમ અહમ્ ને પોષણ આપ છે. લંકાધીપતિ રાવણનું પણ અભિમાન ટકયુ નહીં તો આપણે તો સામાન્ય માણસ છીએ. તેની પાસે તો તમામ આસુરી શક્તિ હતી બ્રહ્માજીએ તમામ વરદાન આપેલા હતા તેને યમરાજા ઉપર વિજય મેળવેલ તેમ છતાં તેના અભિમાનના કારણે ભગવાન રામચંદ્રના હાથે પતન થયું. અહમના ઉંબરે ઉભી અભિમાનતા પતનની શરૂઆત છે.માણસમાં માનવતા મરી પરવારી છે.આજે મોટાભાગના પરિવારનો મુખ્ય પ્રશ્ન અહમ્ છે. ઘણી વખત અધૂરો ઘડો બહુ છલકાય તેવી સ્થિતિ નિર્માણ થાય છે. આજના ભૌતિકવાદમાં બાહ્ય સુખ, સંપત્તિ અને આનંદ જોઈએ છે.પરંતુ અહમના કારણે સમજણ શક્તિ કેળવાતી નથી. ગમે તેટલી શૈક્ષણિક લાયકાત હોય પરંતુ સમજણ જ ના હોય એવા વ્યક્તિને કઈ રીતે સલાહ આપવી. ડાહી સાસરી ના જાય અને ગાડીને સલાહ આપે તેવી વિષમ પરિસ્થિતિ સમાજમાં નિર્માણ થઈ છે.




સામાજિક અને શૈક્ષણિક
ડો. વિપુલ.ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)


આજે અબોલા ધારણ કરીને પરિવારમાં રહેતા માણસો પશુ સમાન છે. અહમનો જન્મ વિનાશ થવા જ થયો છે. ગાડાના નીચે ચાલતું કૂતરું એવું સમજે છે કે આનો તમામ ભાર હું ઉચકીને ફરું છું. આવી અહંમતા પતનના માર્ગે લઈ જાય છે.નમ્રતા અને વિવેક માનવીમાં ગર્ભસ્થ હોવો જોઈએ. સંસ્કાર અને સમજણ પારિવારિક વાતાવરણને મજબૂત બનાવે છે. ત્યાગ કરવાની ભાવનાથી સંયમ અને નિષ્ઠા નિર્માણ થાય છે.મોટાભાગે સ્ત્રી જ સ્ત્રીની દુશ્મન હોય છે. એના કારણે પરિવારમાં પતિનું પતન થાય છે. આખો દિવસ કંટાળીને આવેલો વ્યક્તિ જ્યારે ઘરમાં ભારત પાકિસ્તાન જેવી તંગ સ્થિતિ નિહાળે છે ત્યારે આફત વચ્ચે કેમનો અવસર નિર્માણ કરવા પ્રયાસ કરે છે. ચિંતાઓ થકી ચિંત અનેક દુઃખ ઊભા કરે છે.આપત્તિઓના પહાડ વચ્ચે કેમનો જીવે છે? જેને વીતી હોય તેને ખ્યાલ આવે. વૃધ્ધાશ્રમમાં પાછલી ઉંમરે મા-બાપની સેવા કરવાની જગ્યાએ આજના છોકરા અને વહુ કેમ મૂકવા જાય છે તેનું મૂળ કારણ અહમ છે.

વિશ્વ ગુરુ બનતા પહેલા માણસ બનીએ તે જ સૌથી મહત્વનો ગુણ છે. પ્રભુએ આપેલી આ જિંદગી નાશવંત છે તેમ છતાંય હું જ સર્વશ્રેષ્ઠ છું.અભિમાનની યાત્રામાં એટલો બધો માનવી રત રહે છે કે ના પૂછો વાત. માણસાઈ એ છે કે તમે શાંતિથી જીવન જીવો અને જીવવા દો. આજે દરેકના ઘરે મંથરાએ જન્મ લઈ લીધો છે. કાચા કાન અને ગુમાનના નશામાં પાવરફુલ ગતિએ ગાડી ચલાવે છે નક્કી છે કે આગલા સ્ટેશને ભયંકર અકસ્માત થવાનો છે. તેમાં અહમના હાથ, પગ અને હૈયુ નાશવંત થઈ જવાનું નક્કી છે.

મારે ભાડાના મકાનમાં રહેવું.શાના માટે ગુમાન કરવું. આવા ગીતો મેસેજ આપે છે પણ તેનું પાલન થતું નથી. આપણા આધ્યાત્મિક ગ્રંથો અને મૂલ્યો જીવન કઈ રીતે જીવવું તેની સમજ આપે છે. ભગવાન રામચંદ્રજીએ રામાયણ દ્વારા એવો સંદેશ માનવ સમાજને આપ્યો કે ક્યારે પણ અભિમાન કે ગુમાન કરવું જોઈએ નહીં. આદર્શ સમાજ વ્યવસ્થામાં વ્યવહારિકતા અને સમજણ અનિવાર્ય છે.ચાડિયો ખેતરમાં અનાજના સરક્ષણ માટે ખેડૂતે બનાવેલો હોય છે તેવી સ્થિતિ આજે કંઈક ઘરોમાં નિર્માણ થઈ ગઈ છે. અભિમાન ઉતારવા માટે તાર્કિક દલીલો કરવા કરતા મૌન સૌથી બેસ્ટ સંજીવીની છે. અભિમાની લોકોથી દૂર રહીને આપણે આપણું કર્મ કરતા રહેવું જોઈએ. એક દિવસ પાપનો ઘડો ભરાશે એટલે ફૂટવાનો જ છે. મહાભારતમાં ધૃતરાષ્ટ્રને પુત્ર પ્રેમના કારણે હસ્તિનાપુરનું નગર મહાભારતમાં રૂપાંતર થયું. જો તેમને વિશાળ અને મક્કમ પાંડવોને રાજગાદી આપી હોત તો મહાભારત થાત? અહમ અને અભિમાનના ખીલા જ્યારે જાત ઉપર વાગે છે ત્યારે તેના માટે કોઈ ઔષધી કે મેડિસિનની અસર થતી નથી.. ખરેખર મહિલાઓને સ્મશાનયાત્રાએ લઈ જવાની જરૂર છે.જિંદગીનો સુવર્ણ સમય અહમમાં જ્યારે વ્યતીત કરે છે તે વખતે મૃત શરીરને સ્મશાનમાં અગ્નિની ચિતા પર જોવે તો ખ્યાલ આવે કે જીવન નાશવંત છે. રણછોડરાયની રથયાત્રા અહમના માર્ગને દૂર કરી સમજણના સંગાથને વ્યાપક બનાવે તેવી સૌ વાચક વર્ગને જય રણછોડ.. ■


Mo.9825702282

# શારીરિક સ્વાસ્થ્ય, પોષણ અને યોગ વિષે જાણો



આમઃ શારીરિક સ્વાસ્થ્ય એ સ્વસ્થ અને સુખી જીવનનો પાયો છે. સંતુલિત આહાર, નિયમિત વ્યાયામ, પૂરતી ઊંઘ, વ્યક્તિગત સ્વચ્છતા અને સમયસર આરોગ્ય તપાસ જેવી સારી આદતો અપનાવીને લાંબા ગાળે તંદુરસ્ત જીવન જીવી શકાય છે. વ્યક્તિ, પરિવાર અને સમાજના સર્વાંગી વિકાસ માટે શારીરિક સ્વાસ્થ્યનું જતન કરવું અત્યંત જરૂરી છે.

**★૨. પોષણનું મહત્વઃ**

પોષણ એટલે શરીરને જરૂરી પોષક તત્ત્વો યોગ્ય માત્રામાં અને યોગ્ય સમયે મળવાની પ્રક્રિયા. સારો આહાર અને યોગ્ય પોષણ વ્યક્તિના શારીરિક, માનસિક અને સામાજિક વિકાસ માટે અત્યંત જરૂરી છે. જીવનના દરેક તબક્કે પોષણનું વિશેષ મહત્વ રહેલું છે.

**૧. શરીરના વિકાસ અને વૃદ્ધિ માટે.**

બાળકોમાં હાડકાં, સ્નાયુઓ અને અંગોનો યોગ્ય વિકાસ થાય છે.

ઊંચાઈ અને વજન ઉંમર પ્રમાણે વધવામાં મદદ મળે છે.

શરીરના કોષોનું નિર્માણ અને સમારકામ યોગ્ય રીતે થાય છે.

**૨. ઊર્જા પ્રદાન કરે છે.**

કાર્બોહાઈડ્રેટ અને ચરબી શરીરને દૈનિક કાર્યો માટે ઊર્જા આપે છે.

અભ્યાસ, રમતગમત અને શારીરિક મહેનત માટે શક્તિ મળે છે.

થાક ઓછો લાગે છે અને કાર્યક્ષમતા વધે છે.

**૩. રોગપ્રતિકારક શક્તિ વધારે છે.**

વિટામિન અને ખનિજ તત્ત્વો શરીરની રોગો સામે લડવાની ક્ષમતા વધારે છે.

ચેપજન્ય રોગોનું જોખમ ઘટે છે.

શરીર ઝડપથી સ્વસ્થ થવામાં મદદ મળે છે.

**૪. મગજના વિકાસમાં મદદરૂપ.**

બાળકોમાં યાદશક્તિ, એકાગ્રતા અને શીખવાની ક્ષમતા સુધરે છે.

માનસિક વિકાસ અને બુધ્ધિમાં વધારો થાય છે.

યોગ્ય પોષણથી અભ્યાસમાં સારું પ્રદર્શન થઈ શકે છે.

**૫. હાડકાં અને દાંત મજબૂત બનાવે છે.**

કેલ્શિયમ અને વિટામિન D હાડકાંને મજબૂત બનાવે છે.

દાંત સ્વસ્થ રહે છે અને હાડકાંની નબળાઈનું જોખમ ઘટે છે. (ક્રમશઃ)

**૫. શારીરિક સ્વાસ્થ્યને અસર કરતા પરિબળોઃ**

પોષણની ગુણવત્તા
જીવનશૈલી અને દૈનિક ટેવો
પર્યાવરણ અને સ્વચ્છતા
આનુવંશિક પરિબળો
શારીરિક પ્રવૃત્તિનું પ્રમાણ
તણાવ અને માનસિક સ્થિતિ
વ્યસન (જેમ કે તમાકુ, દારૂ અથવા અન્ય હાનિકારક પદાર્થો)

**૬. ખરાબ શારીરિક સ્વાસ્થ્યના લક્ષણોઃ**

સતત થાક લાગવો
વારંવાર બીમાર પડવું
વજનમાં અચાનક વધારો અથવા ઘટાડો
ઊંઘમાં તકલીફ
શ્વાસ લેવામાં મુશ્કેલી
શરીરમાં સતત દુખાવો અથવા નબળાઈ
ભૂખમાં ઘટાડો અથવા પાચનની સમસ્યાઓ

**૭. બાળકોમાં શારીરિક સ્વાસ્થ્યનું મહત્વ**

યોગ્ય ઊંચાઈ અને વજનનો વિકાસ
મજબૂત હાડકાં અને સ્નાયુઓ
સારી યાદશક્તિ અને એકાગ્રતા
રોગપ્રતિકારક શક્તિમાં વધારો
શાળા અને રમતગમતમાં સારું પ્રદર્શન

**૮. શારીરિક સ્વાસ્થ્ય અને માનસિક સ્વાસ્થ્યનો સંબંધઃ**

શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલા છે. નિયમિત કસરત, પોષણયુક્ત આહાર અને પૂરતી ઊંઘ માનસિક તણાવ ઘટાડવામાં મદદ કરે છે, જ્યારે સકારાત્મક માનસિક સ્થિતિ શરીરના સ્વાસ્થ્યને પણ સુધારે છે.

વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

# તમે તો ભાઈ ભારે ઉતાવળા.




"આવ બકા આવ , આજે કેમ મોઢું પંચર થયેલાં ટાયર જેવું થઈ ગયું છે."

"શું વાત કરુ બોસ ."

"બસ , જે વાતથી પંચર પડ્યું ઈ કેને."

"ભાઈબંધ મુસીબતમાં છે."

"ભાઈજાન મુસીબતમાં છે. ઈતો આખું ભારત જાણે છે. અને હું કે તું એમાં કરીય શું શકીએ!? કરેલાં કરમના બદલા દેવાં પડે. ઉપરવાળાને ન્યા દેર છે. પણ અંધેર નથી.

અને રહી વાત ભાઈજાનની તો આપણે બેય ન્યા ટૂંકા પડીએ. બીજું કાંઈ હોય તો બોલ."

"તમે તો ભાઈ ભારે ઉતાવળા."

"તે ઉતાવળ તો રાખવી જ પડે ને. પેલો ઘા રાણાનો .કોની મિસાઈલ કયારે આવી જાય ઈ અત્યારે નક્કી નથી.એટલે આપણે તો ઘોડો પાડી જ દેવાનો."

"અરે પણ , હું એ ભાઈજાનની વાત નથી કરતો.

એમાં તો હારા હારા ટૂંકા પડે છે.તો પછી મારું તો શું ગજું.અને સાબરમતી જેલમાં મળવા જવાની આપણી ઓળખાણેય નથી."

"તો પછી ભાઈજાનની વાત કેમ કરે છે??

અને વાત શાની છે?"

"છૂટાછેડાની .એટલે તો વાત ગંભીર છે. ઘડીકમાં છૂટાછેડા થઈ ગયાં."

"ઓ હો હો હો , મારું તો માથું ભમી ગયું. આંખો ઓડે વય ગઈ બકા ! , હજી તો ભાઈજાનના લગ્નેય થયાં નથી. અને લગ્ન પહેલાં છૂટાછેડા!?? આ નવો કાયદો કયારે આવ્યો ? અને આ બધું ક્યારે થયું ?"

"હું ભાઈબંધની વાત કરુ છું.ભાઈજાનની નહીં."

"તો તો આંધળે બેરૂ કૂટયુ. હા પણ , તારાં ભાઈબંધને થયું છે શું?"

"તલાક તલાક તલાક. ત્રણ વાર બોલ્યાંને છૂટાછેડા થઈ ગયાં. હવે બીચારો પસ્તાય છે."

"અરે પણ , તલાક તલાક તલાક તો બંધ થઈ ગયું છે ને ."

"છતાંય આવું ઘણું બધું ખાનગીમાં હાલે છે.

મોદી સાહેબ ક્યાં ક્યાં પહોંચે? બીચારા અઢાર અઢાર કલાક તો કામ કરે છે."

"હા પણ તારાં ભાઈબંધને તલાક આપ્યાં કોણે ?"

'ઝતમેય તે શું બોસ . તલાક કોણ આપે ? એની ઘરવાળી જ આપે ને . બાજુવાળાની ઘરવાળી થોડી આપે."

"તો તો બીચારો છૂટી ગયો. ઘણાં ય રાહ જોઈને બેઠાં છે. તલાક હાંભળવા ,પણ આવો મોંકો મળતો જ નથી.

પણ ,એતો જણાવ કે છૂટાછેડા થયા કેમ? મતલબ તલાકનું કારણ શું??"

"નકલી નકલી નકલી."

"લ્યો બોલો..! તલાકેય નકલી આવી ગયાં?"

"તલાક નહીં બોસ, નકલી બટેકા."

"આ વળી નવું લાવ્યો તું. નકલી પોલીસ, નકલી ઈન્સ્પેક્ટર, નકલી કલેક્ટર. અને નકલી દૂધ , દહીં ,માખણ અને નકલી ઘી. આવું તો હવે રોજ સાંભળવા મળે છે. અને પકડાય પણ છે.

આખે આખી નકલી ઓફિસોય હાલવા માંડી છે.

નકલી દવા,નકલી ડોક્ટર અને નકલી રિપોર્ટ તો હવે બધાને કોઠે પડતું જાય છે.

નકલી ચોખા,નકલી દાળ , નકલી વરીયાળી અને હવે જથ્થાબંધ નકલી જીરૂ. આ બધુ માણસને હવે હદી ગયું છે. આ સમાચાર લાગતાં જ નથી. અને નકલી રૂપિયા તો આપણે લખીય ના શકીએ . નહીંતર આપણી ઘેર રેડ પાડી દે.

હા , એકવાત છે. રેડ પાડવા વાળા અસલી છે કે નકલી ? ઈ પાછી વિચારવાની વાત છે."

"બસ બસ બસ . તમે આ નકલીની સડકે ચડી ગયાં છો. પણ આપણી વાત તો અસલી છે .ઈ તો ખબર છે ને !!"

"બકા બકા , નકલીના વંડામા ઘૂસી ગયાં પછી, અસલી કાય જડતું જ નથી.

પણ એ તો કહે આ નકલી બટાકા વળી શું છે? અને નકલી બટાકામાં એવડી મોટી તાકાત કે કોઈના છૂટાછેડા ય કરાવી નાંખે. મેં સાંભળ્યું છે કે, દુનિયામાં સૌથી મોંઘામા મોંઘા છૂટાછેડા છ લાખ કરોડના થયાં છે. ત્યારે આપણાં બટાકા વળી છૂટાછેડા કરાવી નાંખે !?? તો તો હવે વકીલાતનો ધંધો ભાંગશે. અને બટાકા વાળાનું ઉપડી જાહે.

ખેડૂતો હવે માલામાલ થઈ જાહે.

હા પણ , બટાકાએ છૂટાછેડા કરાવ્યાં કેમ ?"

"ઘરવાળીએ ભાઈબંધને બટાકા લેવા મોકલ્યો. ભાઈબંધને કલરવાળા બટાકા પસંદ આવી ગયાં."


"લો કર લો બાત..! કલરવાળા બટાકા આવવાં લાગ્યાં? આ વળી નવું આવ્યું."

"કલરવાળા નથી આવતાં. કલર કરેલાં મળે છે.ભાવ વધારો મળે . એટલે તો છૂટાછેડા થયાં . ભાઈબંધ કલર કરેલાં બટાકા લાવ્યો. અને ઘરવાળીનો મગજ ગયો .ત્રણ વાર તલાક ,તલાક ,તલાક .બોલી ગઈ."

"મારેય આવાં બટાકા લેવાં છે . ક્યાં મળે છે !??" ■

લાગે તો તીર..
કાળુભાઇ ભાડ
kalubhaibhad123@gmail.com

# વાદળ સાથે વાતો કરતું...કુંભલગઢ



કુંભલગઢ ઉદયપૂરની ઉત્તર-પશ્ચિમે આશરે ૮૦ કિમીના અંતરે આવેલું છે. સમુદ્રસપાટીથી આશરે ૧૧૦૦ મીટરની ઉંચાઈએ આવેલા આ કિલ્લાનું નિર્માણ મેવાડના રાજા રાણા કુંભાએ ઈ.સ.૧૪૪૩માં શરૂ કરી અને ઈ.સ.૧૪૫૮માં પૂર્ણ કર્યું હતું. આ કિલ્લાની બાંધણી મેવાડી શૈલીની છે. અરવલ્લી પર્વતમાળાની ટોચે વ્યૂહાત્મક સ્થળે આવેલો કુંભલગઢ દુર્ગ માઈલો દૂરથી પણ દેખાય છે. કિલ્લાની આસપાસ (ચોપાસ) બાંધેલી દિવાલની ૩૬ કિ.મી.જેટલી લાંબી છે. દિવાલની પહોળાઈ આશરે ૧૫ ફૂટ છે. કુંભલગઢની અંદર જ એક બીજો કિલ્લો છે, જે કટારગઢના નામે ઓળખાય છે. જ્યાં મહારાણા પ્રતાપનો જન્મ થયો હતો, એમ ઘણા ઈતિહાસકારોનુ મંતવ્ય છે.

● કુંભલગઢ રાજસ્થાનનો અજેય કિલ્લોસ:

રાજસ્થાનમાં ઘણા ઐતિહાસિક કિલ્લા, મહેલ છે, જેને જોવા દેશ-વિદેશથી પ્રવાસીઓ ઉમટી પડે છે. એક ઐતિહાસિક સ્થળ એવું કુંભલગઢ, જેને ઉદયપુરના મહારાણા પ્રતાપનું જન્મસ્થળ માનવામાં આવે છે. અરવલ્લીના પહાડની ટોચ પર સ્થિત કુંભલગઢ ચોમાસાના વરસાદમાં બહુ જ મનમોહક બની જાય છે. વાદળો કિલ્લા સાથે વાતો કરતાં હોય તેવાં દ્રશ્યો જોવા મળે છે.

● કુંભલગઢનો ઈતિહાસ :

કુંભલગઢ રાજસ્થાનના રાજસમંદ જિલ્લામાં આવેલું છે. આ કિલ્લો મેવાડની આંખ તરીકે પણ ઓળખાય છે. તેની દુર્ગમતાને કારણે આ કિલ્લો ઈતિહાસમાં ક્યારેય સીધી રીતે જીતી શકાયો ન હતો. કુંભલગઢ કિલ્લો ૬૦૦ વર્ષ કરતાં પણ પ્રાચીન ઈતિહાસ ધરાવે છે. કુંભલગઢનો કિલ્લો મેવાડના મહાન શાસક મહારાણા કુંભા દ્વારા ૧૫મી સદી (ઈ.સ.૧૪૪૬થી ૧૪૫૮) બંધાવ્યો હતો. આ ઐતિહાસિક અને અજેય ગઢ મહારાણા પ્રતાપનું જન્મસ્થળ છે.

● દુનિયાની બીજી સૌથી લાંબી દીવાલ :

કુંભલગઢના કિલ્લાનું અનેરું ઐતિહાસિક મહત્વ છે. કુંભલગઢના રક્ષણ માટે કિલ્લાની ફરતે ૩૬ કિમી લાંબી દીવાલનું નિર્માણ કરાયેલું છે, જે ચીન બાદ દુનિયાની બીજી સૌથી લાંબી દીવાલ મનાય છે. આ દીવાલ પર ૮ ઘોડા એક સાથે ચાલી શકે એટલી પહોળી છે. કુંભલગઢ કિલ્લાના ઐતિહાસિક મહત્વને ધ્યાને રાખી યુનેસ્કોએ વર્લ્ડ હેરિટેજ સાઈટ જાહેર કરી છે.

● કુંભલગઢમાં જોવાલાયક સ્થળ :

કુંભલગઢ કિલ્લામાં બાદલ મહેલ, કુંભ મહેલ, મહારાણા પ્રતાપનું જન્મસ્થળ કટારગઢ, બનામાતા દેવીનું મંદિર અને આશરે ૩૬૦ જેટલાં નાનાં-મોટાં મંદિર આવેલાં છે. કુંભલગઢ કિલ્લાની સૌથી ટોચ પર બાદલ મહેલ છે. ચોમાસામાં વાદળો મહેલની અંદર સુધી આવી જાય છે, જેથી તેનું નામ બાદલ મહેલ રાખવામાં આવ્યું છે. બાદલ મહેલથી અરવલ્લીના પહાડનો ૩૬૦ ડિગ્રી વ્યૂ જોવા મળે છે.

● ચોમાસામાં કુંભલગઢનો નયનરમ્ય નજારો :

કુંભલગઢ કિલ્લો દરિયાની સપાટીથી ૧૧૦૦ મીટરની ઉંચાઈ પર અરવલ્લીની ટેકરીઓ પર આવેલો છે. કુંભલગઢ કિલ્લા સુધી જવાના માર્ગની આસપાસ પહાડ અને ખીણ આવેલાં છે. ચોમાસામાં વરસાદ બાદ અરવલ્લીનો પહાડ લીલી ચાદર ઓઢી લે છે અને કુદરતી ઝરણાં વહેવા લાગે છે. અહીં ગઢ ધુમ્મસમાં અત્યંત મનમોહક કુદરતી દ્રશ્ય જોવા મળે છે.

● કુંભલગઢ આસપાસના જોવાલાયક સ્થળ :

કુંભલગઢ કિલ્લાની આસપાસના જોવાલાયક સ્થળોમાં ઉદયપુર અને શ્રીનાથજી મંદિર સૌથી જાણીતા છે. કુંભલગઢથી ઉદયપુર ૮૫ કિમી અને શ્રીનાથજી ૫૦ કિમીના અંતરે આવેલાં છે. ઉદયપુરમાં સિટી પેલેસ, સજ્જનગઢ, પીછોલા લેક, સહેલીઓ કી બાડી જેવાં ઘણા ઐતિહાસિક સ્થળની મુલાકાત લઈ શકાશે. તો વૈષ્ણવ સંપ્રદાયના ખાસ મંદિર શ્રીનાથજી મંદિરમાં દર્શન કરી શકાશે.

● કુંભલગઢ કેવી રીતે પહોંચશો :

કુંભલગઢ અમદાવાદથી આશરે ૩૫૦ કિમી દૂર છે. ફાલના કુંભલગઢ નજીકનું રેલવે સ્ટેશન છે, જે ત્યાંથી ૮૦ કિમી દૂર છે. ઉદયપુર સિટી રેલવે સ્ટેશન ૮૯ કિમી દૂર આવેલું છે. મોટાભાગના પ્રવાસી ઉદયપુર પહોંચી કાર કે બસ દ્વારા કુંભલગઢ પહોંચે છે. કુંભલગઢમાં રહેવા-જમવા માટે પ્રીમિયમ અને સસ્તી એમ બંને પ્રકારની હોટેલ ઉપલબ્ધ છે. ■

પ્રવાસનામા
જયસ્વી પટેલ
sanjogpurti@gmail.com

# ખેતરમાં ચણવાની મજા !



એક હતી ચકુ ચકલી. તે ઘણી હોશિયાર હતી. ને સાથે સ્માર્ટ પણ. નવા જમાના મુજબ તે સ્માર્ટવર્ક કરતી. એક દિવસ ચકાભાઈ કહે, "ચક્કી, ઓ ચક્કી! ચાલોને, આકાશે ઊડવા જઈએ ને ખેતરે ચણવા જઈએ!"

ચક્કીબેને ચશ્માં ચડાવ્યા, પાંખમાં નવો મોબાઈલ પકડ્યો અને બોલ્યાં : "ચકાભાઈ, હવે તો દુનિયા બદલાઈ ગઈ છે! મારે નથી ઊડવું આકાશે, મારે નથી જવું ખેતરે કે મારે નથી કરવી મહેનત. મેં તો મંગાવ્યું છે ઓનલાઈન ભાણું, એ પણ મસ્ત મજાનું! હમણાં થોડીવારમાં આવ્યું સમજો!"

ચકાભાઈને તો નવાઈ લાગી! ચક્કીબેને તો મોબાઈલમાં 'ચિચિ-કાર્ટ' એપ્લિકેશન ખોલી અને ઓર્ડર આપ્યો - બે દાણા બાજરી, એક ટીપું પાણી અને થોડી નમકીન સેવ!

થોડીવારમાં એક પોપટ માથે લાલ ટોપી પહેરીને આવ્યો. એ હતો 'ડિલિવરી બોય'! એણે પાંખમાં પાર્સલ પકડ્યું હતું. ચક્કીબેન તો રાજીરાજી થઈ ગયાં. જમતાં પહેલાં ચક્કીબેને શું કર્યું, ખબર છે?

એમણે મોબાઈલ કાઢ્યો અને બોલ્યાં : "પહેલાં એક સેલ્ફી, પછી જમવાનું!"

ક્લિક... ક્લિક... ક્લિક!
એક ફોટો પાંખ ફફડાવતાં!
એક ફોટો ચાંચ પહોળી કરીને!
ને એક ફોટો ચકાભાઈ સાથે પણ પાડ્યો!

ચક્કીબેને સરસ મજાનો ફોટો 'ચીંચીં-ગ્રામ'પર મૂક્યો અને નીચે લખ્યું : #PartyTime #YummyGrains #NoFlyingToday.

ચક્કીબેન તો આખો દિવસ રીલ્સ જોવામાં મગ્ન થઈ ગયાં. 'ચીં ચીં ચીં' કરતાં અવનવા વીડિયો જુએ અને પોતે પણ ઠુમકા લગાવે. ચકાભાઈ કહે, ચક્કી, ઓ ચક્કી! માળો સાફ કરવો છે, ચાલો થોડી મદદ તો કરો. "પણ ચક્કીબેન કહે, હમણાં નહીં, મારે હજી ગેમ રમવી છે!"

ચક્કીબેન મોબાઈલમાં મસ્ત હતાં. ને અચાનક... ટીંગ! એવો અવાજ થયો ને મોબાઈલની સ્ક્રીન કાળી થઈ ગઈ. ચક્કીબેન ગભરાયાં, "અરે! મારો મોબાઈલ કેમ સૂઈ ગયો? ચકાભાઈ, જલદી જુઓ ને!"

ચકાભાઈ હસીને બોલ્યા, "મોબાઈલ ભૂખ્યો થયો છે, એની બેટરી ઉતરી ગઈ છે!"

ચક્કીબેન પાસે ચાર્જર તો હતું નહીં! હવે શું કરવું? એમને ખૂબ ભૂખ લાગી હતી, પણ ઓનલાઈન ઓર્ડર આપવા માટે મોબાઈલ તો બંધ હતો. છેવટે ચક્કીબેને મોબાઈલ મૂક્યો બાજુમાં અને ચકાભાઈ સાથે ગયાં ખેતરે.

ખેતરમાં તાજી તાજી જુવાર ચણીને ચક્કીબેન બોલ્યાં:

આકાશે ઊડવાની મજ્જા,
ખેતરમાં ચણવાની મજ્જા,
મજ્જા મજ્જા મજ્જા! ■

રે વાર્તા!
મનીષ સુથાર
Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

**તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ શરૂ કરેલા આ અભિયાનને ભવ્ય સફળતા**

# શાળા પ્રવેશોત્સવથી વિદ્યાર્થીઓમાં ડ્રોપ આઉટ રેશિયો ઘટ્યો : ભુપેન્દ્ર પટેલ

ગાંધીનગર,તા.૨૩

ઈતિહાસ ઘણી વખત એવી સામાન્ય લાગતી ક્ષણોમાં રચાય છે, જેનું મહત્વ સમય જતાં સ્પષ્ટ થાય છે. બાળકનો શાળામાં પ્રથમ પ્રવેશ પણ એવી જ એક ઘટના છે, જેમાં માત્ર એક વિદ્યાર્થીનું નહીં પરંતુ સમગ્ર સમાજના ભવિષ્યનું બીજ રહેલું હોય છે. ગુજરાતમાં વર્ષ ૨૦૦૩માં તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ શરૂ થયેલો શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ આજે ૨૩ વર્ષની સફળ યાત્રા પૂર્ણ કરીને શિક્ષણ ક્ષેત્રે એક ઐતિહાસિક અભિયાન તરીકે ઓળખાય છે.વર્ષ ૨૦૦૧-૦૨ દરમિયાન રાજ્યમાં શાળા છોડતા વિદ્યાર્થીઓનો દર ૩૭ ટકાથી વધુ હતો. શિક્ષણ પ્રત્યે જાગૃતિનો અભાવ અને ખાસ કરીને દીકરીઓના શિક્ષણ સામેના સામાજિક પડકારો ગંભીર ચિંતાનો વિષય હતા. આવા સમયે નરેન્દ્ર મોદીએ શિક્ષણને માત્ર સરકારી જવાબદારી નહીં પરંતુ સમગ્ર સમાજના સંકલ્પ તરીકે રજૂ કર્યું. પરિણામે શાળા પ્રવેશોત્સવ સરકારી કાર્યક્રમને પાર કરીને જનઆંદોલન બની ગયો.આ અભિયાનની વિશેષતા એ રહી કે મુખ્યમંત્રીથી લઈને મંત્રીઓ, ધારાસભ્યો અને વહીવટી અધિકારીઓ સુધી સૌ ગામડાંઓમાં પહોંચ્યા, પરિવારો સાથે સીધો સંપર્ક સાધ્યો અને બાળકોને શાળામાં પ્રવેશ અપાવ્યો. છેલ્લા ૨૩ વર્ષથી આ પરંપરા સતત જળવાઈ રહી છે.આ પહેલના પરિણામે લાખો બાળકો શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડાયા છે. વર્ષ ૨૦૦૩માં શાળામાં પ્રવેશ મેળવનાર અનેક વિદ્યાર્થીઓ આજે ડૉક્ટર, એન્જિનિયર,



શિક્ષક અને ઉદ્યોગસાહસિક તરીકે સમાજમાં યોગદાન આપી રહ્યા છે. શિક્ષણ દ્વારા જીવનમાં પરિવર્તન લાવવાની આ તક આ અભિયાનની સૌથી મોટી સિધ્ધિ છે.દીકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે કન્યા કેળવણી મહોત્સવને વિશેષ મહત્વ આપવામાં આવ્યું. પરિણામે સમાજમાં દીકરીઓના શિક્ષણ પ્રત્યેનો અભિગમ બદલાયો છે.

આજે માતા-પિતા દીકરીઓને ઉચ્ચ શિક્ષણ અપાવવા માટે વધુ જાગૃત બન્યા છે. આ દિશામાં રાજ્ય સરકારની નમો લક્ષ્મી યોજના અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના પણ મહત્વપૂર્ણ સાબિત થઈ રહી છે.શિક્ષણની ગુણવત્તા વધારવા માટે ગુણોત્સવ, ગુણોત્સવ ૨.૦ અને સ્કૂલ ક્વૉલિટી એસેસમેન્ટ એન્ડ એશ્યોરન્સ ફ્રેમવર્ક (SQAAF) જેવી પહેલો અમલમાં મૂકવામાં આવી છે. સાથે જ, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ મુજબ ૫+૩+૩+૪ માળખું, બાલવાટિકાનું અમલીકરણ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત વિદ્યા સમીક્ષા કેન્દ્ર જેવી આધુનિક વ્યવસ્થાઓ શિક્ષણ ક્ષેત્રને વધુ સશક્ત બનાવી રહી છે.શાળા પ્રવેશોત્સવ આજે માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ શિક્ષણ, સમાન તક અને સામાજિક જાગૃતિનું પ્રતીક બની ગયો છે. ભવિષ્યમાં ગુજરાતના વિકાસના ઈતિહાસમાં આ અભિયાનને એક મહત્વપૂર્ણ સામાજિક ક્રાંતિ તરીકે હંમેશા યાદ કરવામાં આવશે.

# લાઠીની સંઘવી કન્યા વિદ્યાલયમાં ભવ્ય શાળા પ્રવેશોત્સવ યોજાયો

લાઠી,તા.૨૩



તસવીર : જગદીશ ખેર

લાઠી સ્થિત શ્રીમતી નર્મદાબેન હરિલાલ સંઘવી કન્યા વિદ્યાલય ખાતે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં તાલુકા વિકાસ અધિકારી શ્રી ઝાલા સાહેબ અધ્યક્ષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ધોરણ ૯માં નામાંકિત ૧૧૦ વિદ્યાર્થિનીઓ તથા ધોરણ ૧૧માં પ્રવેશ મેળવનાર ૫૦ વિદ્યાર્થિનીઓનું સ્વાગત કર્યું હતું. સાથે જ આંગણવાડીના નાના ભૂલકાઓને પણ શાળામાં પ્રવેશ અપાવવામાં આવ્યો હતો. શ્રી ઝાલા સાહેબે વિદ્યાર્થીઓ વધુમાં વધુ શિક્ષણનો લાભ મેળવે અને ડ્રોપઆઉટનું પ્રમાણ ઘટે તે માટે સમાજ, સરકાર અને શિક્ષણ વિભાગના સંયુક્ત સહકારની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

**ઉર્જામંત્રી કૌશિક વેકરીયાએ નાના બાળકોને શાળામાં પ્રવેશ આપ્યો**

# વાંકિયા, રાંઢીયા, ગાવકડા ખાતે શાળા પ્રવેશોત્સવ યોજાયો

અમરેલી,તા.૨૩

શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ અંતર્ગત અમરેલી તાલુકાના વાંકિયા, ગાવડકા અને કમીગઢ ગામોમાં ઊર્જા અને કાયદો રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષસ્થાને ઉત્સાહભેર કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ-૧માં પ્રવેશ મેળવનારા બાળકોને શાળામાં પ્રવેશ અપાવી તેમના શૈક્ષણિક જીવનની શુભ શરૂઆત કરાવવામાં આવી હતી. વાંકિયા ખાતે ધોરણ-૯ અને ધોરણ-૧૧માં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓને પણ પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.વાંકિયા સ્વામિનારાયણ વિદ્યાલય ખાતે આંગણવાડીમાં ૧૬, બાલવાટિકામાં ૪૩, ધોરણ-૧માં ૨, ધોરણ-૯માં ૪૯ અને ધોરણ-૧૧માં ૩૯ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો. ગાવડકા ખાતે ૨૯ અને કમીગઢ ખાતે ૩૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો.રાજ્યમંત્રી કૌશિકભાઈ



વેકરીયાએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૨૩ વર્ષ પહેલાં શરૂ કરાયેલી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની પરંપરાએ ગુજરાતના શિક્ષણ ક્ષેત્રમાં નોંધપાત્ર પરિવર્તન લાવ્યું છે. તેમણે જણાવ્યું કે રાજ્ય સરકાર દ્વારા આધુનિક શાળા મકાનો, ગુણવત્તાસભર શિક્ષણ અને લાયકાત ધરાવતા શિક્ષકોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવામાં આવી રહી છે.તેમણે જણાવ્યું કે પ્રાથમિક શિક્ષણ બાળકના સમગ્ર જીવનનો મજબૂત પાયો છે. શિક્ષણ સાથે સંસ્કારનું સિંચન પણ એટલું જ જરૂરી હોવાનું જણાવતાં તેમણે વાલીઓને દરરોજ બાળકો સાથે અભ્યાસ અને જીવનમૂલ્યો અંગે ચર્ચા કરવાની અપીલ કરી હતી. સાથે જ મોબાઈલ ફોનનો વિવેકપૂર્ણ ઉપયોગ, પર્યાવરણ જતન, વીજળી બચત, વૃક્ષારોપણ અને માર્ગ સલામતી અંગે પણ મહત્વપૂર્ણ સંદેશ આપ્યો હતો. કાર્યક્રમ દરમિયાન તેજસ્વી વિદ્યાર્થીઓ, દાતાઓ અને શ્રેષ્ઠીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત જ્ઞાન સાધના સ્કોલરશિપ, નમો સરસ્વતી યોજના અને નમો લક્ષ્મી યોજનાના લાભાર્થી વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વિવિધ ગામોના અગ્રણીઓ, જનપ્રતિનિધિઓ, શિક્ષકો, ટ્રસ્ટીઓ અને વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# લાયન્સ ક્લબ ઓફ જૂનાગઢની મુલાકાત લેતા ઉર્જામંત્રી કૌશિક વેકરીયા

ઉના,તા.૨૩

જૂનાગઢ શહેર ખાતે રાજ્યના ઊર્જા મંત્રી કૌશિક વેકરિયાએ લાયન્સ ક્લબ ઓફ જૂનાગઢના પ્રમુખ શ્રીમતી રૂપલબેન ભરતભાઈ લખલાણીની સૌજન્ય મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન સમાજસેવા, મહિલા સશક્તિકરણ, આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે થઈ રહેલા સેવાકીય કાર્યો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.



તસવીર : કૈલાશ ભટ્ટ

સાથે જ જનકલ્યાણ માટે સ્વૈચ્છિક સંસ્થાઓની મહત્વપૂર્ણ ભૂમિકા અને તેમના યોગદાનને પણ બિરદાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રધાનમંત્રી મોદીના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૧૨ વર્ષ દરમિયાન દેશે હાંસલ કરેલી ઐતિહાસિક સિધ્ધિઓ અંગે પણ વિચારોનું આદાન-પ્રદાન થયું હતું. વિકસિત ભારતના નિર્માણમાં જનભાગીદારી, સામાજિક સંસ્થાઓના સહયોગ અને સમાજસેવાના સંકલ્પને વધુ મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. સમાજહિત માટે સતત કાર્યરત સંસ્થાઓનું યોગદાન રાષ્ટ્ર નિર્માણમાં મહત્વપૂર્ણ હોવાનું જણાવાયું હતું.

# યોગ દિવસે રાજકોટમાં ખોડલધામ ટ્રસ્ટ અને ફાઉન્ડેશન દ્વારા સેન્ટર ફોર યોગા એક્સલન્સ શરૂ કરાયું

રાજકોટ,તા.૨૩

રાજકોટના ન્યૂ માયાણીનગર સ્થિત સરદાર પટેલ ભવન ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ સંચાલિત 'સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન' દ્વારા નૂતન 'સેન્ટર ફોર યોગા એક્સલન્સ' (યોગા સ્ટુડિયો)નો પ્રારંભ કરાયો છે. ખોડલધામના ચેરમેન નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ, રામકૃષ્ણ



આશ્રમના સ્વામી મેઘજાનંદજી અને સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના રજિસ્ટ્રાર મહેશકુમાર મેત્રાના હસ્તે આ કેન્દ્ર ખુલ્લું મુકાયું હતું. આ પ્રસંગે સંસ્થાને 'ડિપ્લોમા ઈન યોગા કોર્સ'ની માન્યતાનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. આ આધુનિક સેન્ટર ખાતે ભાઈઓ, બહેનો અને બાળકો માટે થેરાપી યોગ, વજન ઘટાડવાના પ્રોગ્રામ, સાઉન્ડ મેડિટેશન, ગર્ભવતી બહેનો માટે ખાસ સત્રો, એરિયલ યોગ, એરોબિક્સ, ઝુમ્બા અને આયુર્વેદ કન્સલ્ટિંગ જેવી વિશેષ સુવિધાઓ ક્વોલિફાઈડ ટ્રેનર્સની ટીમ દ્વારા પૂરી પાડવામાં આવશે.

# સા.કુંડલામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો પ્રારંભ

સાવરકુંડલા,તા.૨૩

સાવરકુંડલા તાલુકાના ડેડકડી, મઢડા અને વિજપડી ગામોની શાળાઓમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે 'શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ-૨૦૨૬'નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે નવપ્રવેશી વિદ્યાર્થીઓનું શૈક્ષણિક વાતાવરણમાં ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. ડેડકડી, મઢડા અને વિજપડીની શાળાઓમાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક સામગ્રી અર્પણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.



ધારાસભ્યશ્રીએ જણાવ્યું હતું કે શિક્ષણ દેશના વિકાસનો મજબૂત આધાર છે અને દીકરીઓનું શિક્ષણ સશક્ત સમાજના નિર્માણ માટે અનિવાર્ય છે. કાર્યક્રમમાં શિક્ષકો, વાલીઓ, ગ્રામજનો અને સ્થાનિક આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# શિવમ ઈન્સ્ટિટ્યૂટ, કોડીનારમાં કાનૂની જાગૃતિ સેમિનાર યોજાયો

કોડીનાર,તા.૨૩



કોડીનારમાં કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી (નિવારણ, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ-૨૦૧૩ અંગે કાનૂની જાગૃતિ સેમિનાર યોજાયો. દહેજ પ્રતિબંધક અધિકારી તથા રક્ષણ અધિકારી સોનલબેન રાઠોડે ઘરેલું હિંસા અધિનિયમ-૨૦૦૫ અને જાતીય સતામણી અધિનિયમ અંગે માહિતી આપી હતી. ભાવનાબેન વાજાએ પી.એસ.બી.એસ.સી., કિંજલબેન મકવાણાએ સખી વન સ્ટોપ સેન્ટર, પ્રકાશ મકવાણાએ કાનૂની સેવા સત્તા મંડળ અને હેતલબેન જોટવાએ વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતુ.

# અમરેલી ખાતે વાલ્મીકિ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો

અમરેલી,તા.૨૩

અમરેલી ખાતે વાલ્મીકિ સમાજ શિક્ષણ સંગઠન દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. આંબેડકર ભવન ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ગુજરાત સરકારના રાજ્ય કક્ષાના મંત્રી તથા અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત વંદે માતરમ્ ગાન અને દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી.આ પ્રસંગે



પરમ પૂજ્ય જીતુબાપુ, ઉદ્યોગપતિ દિનેશભાઈ ભુવા, તુષારભાઈ જોષી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોનું પુષ્પગુચ્છ, શાલ અને ભારતીય બંધારણનુ પુસ્તક આપી સન્માન કરવામાં આવ્યું હતું. કૌશિકભાઈ વેકરિયાએ વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.


**//એકિઝક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી. નં.૧૩૪/૨૦૨૬

અરજદાર :- શ્રી હરેશભાઈ ખોડાભાઈ વઘાસીયા
રહે.શેડુભાર, તા.જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મું.શેડુભાર, તા.જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના શેડુભાર ગામમાં અરજદાર શ્રી હરેશભાઈ ખોડાભાઈ વઘાસીયા તેઓના ભાઈ બાબુભાઈ ખોડાભાઈ વઘાસીયાની જન્મ (તા.૦૧/૦૪/૧૯૮૪) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૮/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય


# સરથાણાના સ્વસ્તિક ટાવર ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે યોગ શિબિરનું આયોજન

સુરત,તા.૨૩

૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે સરથાણા સ્થિત સ્વસ્તિક ટાવર ખાતે એક ભવ્ય યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. 'કલરવ હોસ્પિટલ, ગર્ભ સંસ્કાર અને યોગ સેન્ટર'ના સંચાલિકા ડૉ. રાજેશ્રીબેન પીપળવાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં ૧૫ વર્ષની કિશોરીઓથી લઈને ૭૦ વર્ષ સુધીની ૧૦૦થી વધુ મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ શિબિરમાં મહિલાઓએ વિવિધ યોગાસનો, પ્રાણાયામ અને ધ્યાનની ક્રિયાઓનો અભ્યાસ કર્યો હતો.



ડૉ. રાજેશ્રીબેને યોગનું મહત્વ સમજાવતા જણાવ્યું કે, યોગ શરીર, મન અને આત્માના સંતુલિત વિકાસ માટે જરૂરી છે, જે મનને શાંતિ આપી વ્યક્તિત્વ ઉજ્જવળ બનાવે છે. તેમણે દરેક નાગરિકને સ્વસ્થ રાષ્ટ્રના નિર્માણ માટે દૈનિક જીવનમાં યોગ અપનાવવા પ્રેરણા આપી હતી. આ પ્રસંગે ઉપસ્થિત મહિલાઓએ નિયમિત યોગ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી અને કલરવ હોસ્પિટલની ટીમના સહયોગથી આ શિબિર સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.


**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર**

અરજી નં.૨૯/૨૦૨૬
મરણ તારીખ:૦૧/૦૧/૧૯૯૫

શ્રી હમીરભાઈ પરબતભાઈ વાળા,
રહે.અરીઠીયા, ગામ-અરીઠીયા, તાલુકો-કોડીનાર
જિલ્લો-ગીર સોમનાથ ....અરજદાર

**-::વિરૂધ્ધ::-**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત અરીઠીયા, તા.કોડીનાર કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**બાબત : જન્મ મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી હમીરભાઈ પરબતભાઈ વાળા, રહે. અરીઠીયા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ મરણ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની શ્રી હમીરભાઈ પરબતભાઈ વાળા, ના પિતા પરબતભાઈ દેવસીભાઈ વાળા નું મરણ તારીખ ૦૧/૦૧/૧૯૯૫ ના રોજ કોડીનાર તાલુકાના અરીઠીયા મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવ સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
(એચ.કે.ભાસ્કર)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# 'આપ' ધારાસભ્ય ચૈતર વસાવા સહિત ૯ આરોપીઓને ૭ વર્ષની જેલની સજા

**તમામ આરોપીઓને ૨૫,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો**

નર્મદા,તા.૨૩

ગુજરાતના રાજકારણમાં એક મોટા સમાચાર સામે આવ્યા છે, જેમાં આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાને કોર્ટે વન વિભાગના કર્મચારીઓ પર હુમલો કરવા અને ધમકી આપવાના ચકચારી કેસમાં દોષિત જાહેર કર્યા છે. નર્મદા (રાજપીપળા) સેશન્સ કોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ આ મહત્વનો ચુકાદો આપ્યો છે. કોર્ટે ચૈતર વસાવા સહિત કુલ ૯ આરોપીઓને ૭ વર્ષની સખત કેદની સજા અને ૨૫,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. આ



દોષિતોમાં ૪ મહિલાઓ અને ૫ પુરુષોનો સમાવેશ થાય છે, જેમાં ધારાસભ્યના પત્ની પણ સામેલ છે. આરોપીઓ પર ફરજ પરના સરકારી કર્મચારીઓ પર હુમલો કરવાનો, હવામાં ફાયરિંગ કરવાનો અને ધમકી આપવાનો ગંભીર આક્ષેપ હતો. કાયદા મુજબ ૨ વર્ષ કે તેથી વધુની સજા થવાના કારણે હવે ચૈતર વસાવાનું ધારાસભ્ય પદ પણ જોખમમાં આવી ગયું છે, જે આમ આદમી પાર્ટી માટે ગુજરાતમાં એક બહુ મોટો ઝટકો સમાન છે.

# અમરેલી જિલ્લામાં વરસાદી માહોલ યથાવત, ગ્રામ્ય વિસ્તારોમાં મેઘરાજાની મહેર

અમરેલી,તા.૨૩

અમરેલી જિલ્લામાં છેલ્લા ચાર દિવસથી વરસાદી માહોલ યથાવત્ રહ્યો છે. જિલ્લાના વિવિધ તાલુકાઓમાં સમયાંતરે વરસાદી ઝાપટાં વરસતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. આજે જાફરાબાદ તાલુકાના ટીંબી, હેમાળ, માણસા, દુધાળા, નાગેશ્રી, સાવરકુંડલા પંથક સહિતના ગામોમાં સારો વરસાદ નોંધાયો હતો. વરસાદના આગમનથી



ગ્રામ્ય વિસ્તારોમાં લોકોમાં રાહતની લાગણી જોવા મળી હતી.આ તરફ ખાંભા તાલુકાના ડેડાણ, ખડાધાર, શ્યામગઢ, ત્રાકુડા સહિત આસપાસના વિસ્તારોમાં પણ વરસાદ વરસ્યો હતો. લાંબા વિરામ બાદ પડેલા આ વરસાદથી ખેતી માટે અનુકૂળ પરિસ્થિતિનું નિર્માણ થયું છે. ખાસ કરીને ખેડૂતોમાં નવી આશા જાગી છે, છેલ્લા કેટલાક દિવસોથી ગરમી અને ઉકળાટથી પરેશાન લોકો માટે વરસાદ રાહતરૂપ સાબિત થયો છે. વરસાદી માહોલને કારણે તાપમાનમાં ઘટાડો નોંધાયો છે અને વાતાવરણ વધુ સુહાવણું બન્યું છે. ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદને કારણે ખેડૂત વર્ગમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે.

# પાટીદાર અનામત આંદોલનના બે કેસ પરત ખેંચાતા હાર્દિક પટેલ સહિતના આગેવાનોને મોટી રાહત

સુરત,તા.૨૩

સુરતમાં વર્ષ ૨૦૧૮ના પાટીદાર અનામત આંદોલન સમયના વધુ બે કેસો પરત ખેંચવાની રાજ્ય સરકારની અરજીને અદાલતે સ્વીકારી લીધી છે. આ નિર્ણયથી હાર્દિક પટેલ, અલ્પેશ કથીરિયા અને ધાર્મિક માલવિયા સહિતના અનેક આગેવાનો તેમજ કાર્યકરોને મોટી કાનૂની રાહત મળી છે. આ કેસ આંદોલનકારીઓના સ્વાગતની રેલી દરમિયાન જાહેર માર્ગો પર ટ્રાફિક વ્યવસ્થાને અવરોધવા બદલ વરાછા પોલીસ મથકે નોંધાયો હતો. સુરતના એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે સરકારપક્ષની રજૂઆતો અને કાનૂની જોગવાઈઓને ધ્યાને રાખીને આ મંજૂરી આપી છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે ઉપલબ્ધ પુરાવા જોતા આ કેસની કાર્યવાહી આગળ વધારવી જાહેર હિતમાં જરૂરી જણાતી નથી.

# ગીર ગઢડાના જામવાળામાં મિત્રોની પાર્ટી દરમિયાન યુવાનની કરાઈ હત્યા

ઉના,તા.૨૩

ગીર ગઢડા તાલુકાના જામવાળા ગામમાં મિત્રોની પાર્ટી દરમિયાન એક યુવાનની હત્યાનો ચકચાર મચાવતો બનાવ સામે આવ્યો છે. મૃતકની ઓળખ મેહુલ હકુભાઈ વળવાતર તરીકે થઈ છે. માહિતી અનુસાર, મેહુલ તેના પાંચ મિત્રો સાથે ગામની સામે કાંઠે આવેલી એક વાડીમાં પાર્ટી કરવા ગયો હતો. દરમિયાન કોઈ મુદ્દે મિત્રો વચ્ચે બોલાચાલી થઈ હતી, જે બાદમાં ઉગ્ર ઝઘડામાં ફેરવાઈ ગઈ હતી. આરોપ છે કે ઝઘડા દરમિયાન મિત્રોએ મેહુલની આંખમાં સ્પ્રે છાંટ્યો હતો અને ત્યારબાદ પથ્થર વડે હુમલો કર્યો હતો. હુમલામાં મેહુલના પગમાં ફ્રેક્ચર સહિત શરીરના વિવિધ ભાગોમાં



તસવીર : કૈલાશ ભટ્ટ

ગંભીર ઈજાઓ પહોંચી હતી. ગંભીર હાલતમાં તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

ઘટનાની જાણ થતાં ગીર ગઢડા પોલીસ, જિલ્લા ક્રાઈમ બ્રાન્ચ અને ડીવાયએસપી સહિતના અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા હતા. મૃતકના ભાઈ હિતેશભાઈની ફરિયાદના આધારે પાંચ આરોપીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે તમામ આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જસદણમાં પિતા-પુત્રીના મૃતદેહ મળી આવતા ખળભળાટ મચ્યો

રાજકોટ,તા.૨૩

રાજકોટના જસદણ શહેરની ગેબનશા સોસાયટીમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. અહીં એક મકાનની ઉપરના માળે આવેલી પાણીની ટાંકીમાંથી ૩૦ વર્ષીય ફિયાઝ પરીયાણી અને તેમની અઢી વર્ષની પુત્રી નૂર ફાતેમાના મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. સવારથી ગુમ પિતા-પુત્રીની શોધખોળ દરમિયાન ટેરેસ પરથી બંનેની લાશ મળી આવી હતી. પ્રાથમિક માહિતી મુજબ, છેલ્લા કેટલાક સમયથી પતિ-પત્ની વચ્ચે પારિવારિક મતભેદો ચાલતા હતા.

જસદણ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. મોતનું ચોક્કસ કારણ જાણવા માટે મૃતદેહોને પોસ્ટમોર્ટમ અને ફોરેન્સિક તપાસ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડાયા છે.

# સુરતમાં સગાઈ બાદ લગ્નની તારીખ આવતી ન હોવાથી યુગલે ઝેરી દવા ગટગટાવતા મોત

સુરત,તા.૨૩

સુરતના સરથાણા વિસ્તારની એક હોટેલમાં ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ કરનાર યુવાન પતિનું પણ સારવાર દરમિયાન મોત નિપજતાં સમગ્ર ઘટનાએ કરૂણ વળાંક લીધો છે. બે વર્ષ પહેલાં પ્રેમલગ્ન કરનાર અને દોઢ વર્ષ પહેલાં સગાઈ કરનાર આ યુગલે સામાજિક લગ્નમાં અવરોધ ઊભા થવાની આશંકાને કારણે આ અંતિમ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે.માહિતી મુજબ, સરથાણા બાપા સીતારામ ચોક નજીક આવેલી લા મરીના હોટેલના રૂમ નંબર ૧૦૩માં માનસી હસમુખભાઈ ઉમરેટીયા (ઉં.વ. ૨૩) અને અભય રામજીભાઈ ત્રાડા (ઉં.વ. ૨૩)એ સેલ્ફોસ




નામની ઝેરી દવા પી લીધી હતી. ઘટનાની જાણ થતાં બંનેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે માનસીને મૃત જાહેર કરી હતી, જ્યારે અભયને ગંભીર હાલતમાં ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જોકે સારવાર દરમિયાન આજે અભયનું પણ મોત નિપજ્યું હતું.આત્મહત્યા પહેલાં બંનેએ પરિવારજનોને ભાવુક અંતિમ સંદેશા મોકલ્યા હતા.

# રાજ્યમાં કાયદો-વ્યવસ્થા અને પોલીસ કામગીરી અંગે નાયબ મુખ્યમંત્રીની ઉચ્ચસ્તરીય બેઠક

ગાંધીનગર,તા.૨૩

રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ મોડી રાત્રે રાજ્યના વરિષ્ઠ IPS અધિકારીઓ સાથે મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજી હતી. બેઠકમાં રાજ્યના ચારેય મહાનગરોના પોલીસ કમિશનરો સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક માં રાજ્યમાં સુરક્ષા



વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે વિવિધ મુદ્દાઓ પર વિચારણા કરવામાં આવી હતી. ખાસ કરીને ગુનાખોરી પર નિયંત્રણ, આધુનિક ટેક્નોલોજીના વધુ અસરકારક ઉપયોગ, સાયબર ગુનાઓ સામેની કામગીરી અને લોકોને ઝડપી ન્યાયસંગત સેવા ઉપલબ્ધ કરાવવા અંગે ચર્ચા થઈ હતી. ઉપરાંત, વિવિધ શહેરો અને જિલ્લાઓમાં ચાલી રહેલી પોલીસ કામગીરીની સમીક્ષા કરીને જરૂરી સૂચનો અને માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. આ અંગે તેમણે જણાવ્યું હતું કે આ એક નિયમિત વહીવટીય સમીક્ષા બેઠક હતી.

# દસાડાના એછવાડા બસ સ્ટેશન નજીક અકસ્માતમાં ત્રણના મોત

સુરેન્દ્રનગર,તા.૨૩

સુરેન્દ્રનગરના દસાડાના એછવાડા બસ સ્ટેન્ડ નજીક ટ્રક અને રિક્ષા વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. અકસ્માતના બનાવમાં ત્રણ લોકોના ઘટનાસ્થળે કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. દુર્ઘટનાની જાણ થતાં પોલીસની ટીમ સ્થળ પર પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી છે. મળતી



માહિતી મુજબ, દસાડાના એછવાડા બસ સ્ટેન્ડ પાસે પૂરપાટ આવતા ટ્રકચાલકે રિક્ષાને જોરદાર ટક્કર મારતા ભયાનક અકસ્માત સર્જાયો હતો. અકસ્માત સ્થળે સ્થાનિકો દોડી આવ્યા હતા અને પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસ ઘટનાસ્થળે પહોંચી, મૃતકોના મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આમ, વારંવાર થતી અકસ્માતની ઘટના સામે હાઈવે પર કડક નિયમો અને સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ સ્થાનિકોએ કરી હતી.

# ગાંધીનગરમાં પોલીસકર્મીએ આપઘાત કરી લેતા ચકચાર

ગાંધીનગર,તા.૨૩

ગાંધીનગર જિલ્લાના માણસા પોલીસ મથકમાં ફરજ બજાવતા ૨૮ વર્ષીય લોકરક્ષક પર્વ ગોસ્વામીએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું છે. મહેસાણાના વતની પર્વભાઈ ગ્રામ ભારતી ચોકડી પાસે સોસાયટીમાં પત્ની અને પુત્ર સાથે રહેતા હતા. પત્ની અને પુત્ર બહાર ગયા ત્યારે તેમણે આ પગલું ભર્યું હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં આત્મહત્યા પાછળ પારિવારિક વિખવાદ કારણભૂત હોવાનું ચર્ચાઈ રહ્યું છે. વર્ષ ૨૦૨૬ની શરૂઆતમાં સેક્ટર-૭ના હેડ કોન્સ્ટેબલ ઉપેન્દ્રસિંહ વાઘેલાના આપઘાત બાદ આ બીજી ઘટના છે, જેને પગલે પોલીસ બેડામાં અરેરાટી વ્યાપી ગઈ છે અને કર્મચારીઓ પરના માનસિક તણાવનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે.

# ચૈતર વસાવા માટે હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટ સુધી લડત કરાશે : ગોપાલ ઈટાલીયા

અમદાવાદ, તા.૨૩

અમદાવાદમાં યોજાયેલી પત્રકાર પરિષદમાં આમ આદમી પાર્ટીના અગ્રણી નેતા અને ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું છે કે લોકપ્રિય આદિવાસી નેતા ચૈતર વસાવા સામે થયેલી કાયદાકીય કાર્યવાહી અને સજા એ તેમને દબાવવાનું એક રાજકીય ષડયંત્ર છે. ભાજપે




સરકારી તંત્ર, પોલીસ અને પંચનો દુરુપયોગ કરીને આદિવાસી સમાજનો અવાજ રૂંધવાનો પ્રયાસ કર્યો છે જેના કારણે સમગ્ર સમાજમાં ભારે રોષ છે. ચૈતર વસાવાએ ક્યારેય ભાજપ સામે ઘૂંટણ ટેકવ્યા નથી અને તેઓ ગુજરાતના હીરો રહેશે. આ અન્યાય સામે આમ આદમી પાર્ટીની દિલ્હી અને ગુજરાતની સર્વોચ્ચ કાયદાકીય ટીમ સંપૂર્ણ સક્રિય થઈ ગઈ છે અને ચૈતર વસાવાને ન્યાય અપાવવા માટે પક્ષ હાઈકોર્ટથી લઈને સુપ્રીમ કોર્ટ સુધી પૂરેપૂરી તાકાતથી લડી લેવાના મૂડમાં છે.





